RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 222* Date: 09.06.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ફરીથી કેસો ૧૦ હજારને પાર.., સ્વસ્થ્ય થયેલા દર્દીઓની યાદીમાં ભારત નવમા ક્રમે

# કોરોના કહેર, દેશમાં ૨.૫૭ લાખ કેસ,મહારાષ્ટ્રે ચીનને પાછળ છોડ્યું

*ન્યુ દિલ્હી,તા.૮*

દેશમાં આજે અનલોક-૧ હેઠળ શોપિંગ મોલ,હોટેલ-રેસ્ટોરન્ટ, ધારમિક સ્થળો સહિત લગભગ બધુ ખુલી ગયું છે ત્યારે કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો હોય તેમ આજે સતત બીજા દિવસે ૧૦ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. આજે સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન સમગ્ર દેશમાં ૧૦,૭૮૬ જેટલા કેસો બહાર આવ્યાં હતો અને રાબેતા મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસ બહાર આવ્યાં હતા. તેની સાથોસાથ છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન કોરોનાથી ૨૦૬ લોકોના મોત થયા હતા. વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૩૫ સુધી પહોંચી ગઈ છે. છેલ્લાં ૫ દિવસમાં રોજેરોજ ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે જે એક રીતે ચિંતાજનક કહી શકાય. દેશમાં રિક્વરી રેટ ૪૮.૩૬ ટકા, મૃત્યુદર ૨.૮ ટકા છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨૫૬૬૧૧ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦,૭૮૬ નવા કેસ સાથે કોરોનાનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. .



જોકે, બીજી તરફ ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૩૫ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૦૨ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૨૪૦૯૫ સુધી પહોંચી ગયો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૩૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૨૫૩૮૧ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૭૫ કેસ નોંધાયા છે જયારે ૩૦૬૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૬૬૭ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૬૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૭૬૫૪ કેસ નોંધાયા છે જયારે ૭૬૧લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૯૬૧૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૨૧૯ લોકોના મોત થયા છે.

ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં છઠ્ઠા ક્રમાંક પર પહોંચી ગયો છે. જયારે સ્વસ્થ્ય થયેલા દર્દીઓની યાદીમાં ભારત અમેરિકા, બ્રાઝીલ, રશિયા, જર્મની, ઈટાલી, સ્પેન, ઈરાન, તુર્કી બાદ નવમાં ક્રમ પર છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૫૭ હજાર ૪૮૬ થઈ ગઈ છે. અને ૭,૨૦૭ લોકોના અત્યાર સુધી મોત થયા છે. સાથે જ દેશભરમાં ૧,૨૩,૮૪૮ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૮૫,૯૭૫ કેસ માત્ર મહારાષ્ટ્રમાં છે અને અહીંયા ૩,૦૬૦ મોત થયા છે. તમિલનાડુ ૩૧,૬૬૭ કેસ સાથે બીજા નંબરે છે અને અહીંયા ૨૭૨ લોકોના મોત થયા છે. રવિવારે બીજા દિવસે પણ ૧૦ હજારથી વધારે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૦ ૭૮૬ દર્દી વધ્યા હતા. શનિવારે ૧૦ હજાર ૪૨૮ પોઝિટિવ મળ્યા હતા. મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૮૫ હજારને પાર થઈ ગઈ હતી.

મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૮૫ હજાર ૯૭૫ થઈ ગઈ છે, આ મામલામાં મહારાષ્ટ્ર ચીન કરતા પણ આગળ નીકળી ગયું છે ત્યાં ૮૩ હજાર ૪૩ કેસ આવ્યા છે.

દિલ્હીમાં PIB અધિકારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો, નેશનલ મીડિયા સેન્ટર સેનેટાઈઝેશન માટે સોમવારે બંધ રહેશે.

ઉદ્ધવ સરકારે મહારાષ્ટ્રની જેલોમાં બંધ ૧૧ હજાર કેદીઓને ઈમરજન્સી પેરોલ પર છોડવાનો નિર્ણય કર્યો છે. ૯૬૭૧ કેદી પહેલા છોડવામા આવ્યા હતા. ગૃહમંત્રી અનિલ દેશમુખે જણાવ્યું કે રાજ્યની જેલોમાં ૩૮ હજાર કેદી છે. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવા માટે તેમાંથી ૨૦ હજાર બહાર આવ્યા છે.

તમિલનાડુ દર્દીઓની સંખ્યામાં બીજા નંબરે છે. અહીંયા ૩૧ હજારથી વધારે લોકો પોઝિટિવ મળ્યા છે. રવિવારે રેકોર્ડ ૧૫૧૫ દર્દી મળ્યા હતા.

# ધાર્મિક સ્થળો, મોલ્સ, શોપીંગ સેન્ટરો, હોટલો, રેસ્ટોરન્ટસના દ્વાર ખુલ્યા

*ન્યુ દિલ્હી,તા.૮*

લાંબા ૪-૪ લોકડાઉન બાદ પણ દેશમાં કોરોનાનો કાળો કેર હજુ અટકવાનું નામ લેતો નથી તેમ છતાં અર્થતંત્રની ગાડીને પાટે ચઢાવવા સરકારે ૮ જૂનથી લોકડાઉનમાં વધુ છૂટછાટ આપવા કરેલી જાહેરાતના પગલે આજે રાજધાની દિલ્હી સહિત દેશના મોટા ભાગના વિસ્તારોમાં ધાર્મિક સ્થળો, શોપીંગ મોલ, હોટેલ-રેસ્ટોરન્ટ વગેરે ખુલ્યા હતા. આ સ્થળોએ મુલાકાતીઓની શરૂઆતમાં જો કે ઓછી ભીડભાડ જોવા મળી હતી,. દરેક મુલાકાતી માસ્કધારી જોવા ણલ્યો હતો. જે તે મોલ-હોટેલ વગેરે. દ્વારા મુલાકાતીનું સેનેટાઇઝર કરવું, તાવ માપવો વગેરે.ની પ્રક્રિયા પણ હાથ ધરી હતી. જો કે સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરાવવાનો પ્રયાસ કરાયો હતો.

આર્થિક ગતિવિધિઓ અને સામાન્ય જનજીવનને વેગ આપવા માટે અનલોક-૧ આજથી શરૂ થયુ છે. અનલોક-૧માં ભલે છુટ આપવામાં આવી હોય પરંતુ માહોલ ૨૪મી માર્ચ પહેલો જેવો નથી જોવા મળ્યો. જો કે હજુ અનેક પ્રવૃતિઓ પર પ્રતિબંધ ચાલુ છે. કોરોનાના કન્ટેનમેન્ટ ઝોનમાં આ પ્રકારની કોઈ છૂટ આપવામાં આવી નથી. મોટા સમારોહ, શાળા-કોલેજો, જીમ વગેરે પર હજુ પ્રતિબંધ ચાલુ જ છે. આજથી મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા, ચર્ચ વગેરે ભકતો માટે ખુલી ગયા છે. જો કે પ્રસિદ્ધ ધર્મસ્થાનો તબક્કાવાર ખુલશે

સરકારે આજથી અનલોક-૧નો પ્રારંભ કરી શોપીંગ મોલ અને રેસ્ટોરન્ટ ખોલવાની મંજુરી આપી છે. મોલ આજથી ખુલ્યા છે પરંતુ સોશ્યલ ડીસ્ટન્સીગનું પાલન કરવાનું રહેશે. અંદર ભીડ ન થાય તેની ખાસ કાળજી રાખવાની સુચના છે.. આ ઉપરાંત નાઈટ કર્ફ્યુને બાદ કરતા હવે બહાર જવા પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી. એક રાજયથી બીજા રાજયમાં જવા પરમીશનની પણ જરૂર નથી. બાઈકમાં બે લોકો બેસી શકે છે. કારમાં પણ બેસવાના પ્રતિબંધ ઉઠાવી લેવાયા છે. ઓફિસો હવેથી પૂર્ણ ક્ષમતાથી કનિદૈ લાકિઅ શરૂ થઈ ગઈ છે. જો કે સ્વચ્છતા અને સામાજિક અંતરનું પાલન કરવામાં આવી રહ્યુ છે.આજથી મોટાભાગના મંદિરો પણ ભકતો માટે ખુલી ગયા છે. સવારથી જ ભકતો મંદિરોમાં ભગવાનના દર્શન અને આશિર્વાદ માટે ઉમટી પડયા હતા. આજથી ભલે મોટાભાગનો દેશ ફરી ખુલી ગયો છે પરંતુ સરકારે ઘડેલી તમામ ગાઈડ લાઈન્સનો લોકોએ અને સંચાલકોએ અમલ કરવાનો રહેશે. સ્વચ્છતા, માસ્ક, સોશ્યલ ડીસ્ટન્સીંગ, સેનેટાઈઝેશન વગેરે નિયમોનું કડક પાલન કરવાનુ રહેશે

ધાર્મિક સ્થળોમાં સાબુથી હાથ ધોવાના રહેશે. જૂતાં-ચપ્પલ ગાડીમાં જ રાખવાના રહેશે. ભજન-કિર્તન કરી નહિ શકાય, ભગવાનને સ્પર્શ પણ કરી નહી શકાય, પ્રસાદ પણ નહિ મળે. જયારે મોલ અને હોટલ, રેસ્ટોરન્ટમાં માસ્ક, સેનેટાઈઝર, ૫૦ ટકા કેપેસીટી, ડીસ્પોઝેબલ મેનુ અને નેપકીન, ફુડ કોર્ટમાં અડધા લોકોને જ પ્રવેશ, શોરૂમમાં ચેન્જીંગ એરીયા પણ બંધ રહેશે. જો કે મહારાષ્ટ્ર, ઝારખંડ, ગોવા, ઓડીસામાં ૩૦મી સુધી ધાર્મિક સ્થાનો બંધ રહેશે.

# શ્રમ મંત્રાલયમાં એક સાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ



નવી દિલ્હી,તા.૮

ભારતમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના વાયરસ રેકોર્ડ સ્તરે વધી રહ્યો છે ત્યારે દિલ્હીમાં મંત્રાલયોમાં પણ કાળમુખો વાયરસ પોતાનો પગપેસારો કરી રહ્યો છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા અમલી રહ્યો છે. શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશમાં સતત કોરોના સંકટ વધતો જઈ રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી દરરોજ દસ હજારની આસપાસ કોરોના વાયરસના નવા કેસ સામે આવી રહ્યા છે. સોમવારે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયનાં કાર્યાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોનાના ઝપેટમાં આવ્યા. દેશમાં જે રીતે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે તેમાં દિલ્હીના વિવિધ મંત્રાલયો પણ બાકાત નથી. અત્યાર સુધી કેટલાય મંત્રાલયોના અધિકારીઓ મહામારીની ઝપેટમાં આવી ગયા છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા મળ્યો છે. આટલું જ નહી દિલ્હી મેટ્રો અને દિલ્હીના ઉપરાજયપાલ ઓફિસના પણ કેટલાય અધિકારીઓ કોરોના પોઝિટિવ નીકળ્યા હતા. શ્રમ મંત્રાલયમાં એક સાથે ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સિવાય ચૂંટણી પંચમાં પણ એક અધિકારીને કોરોના હોવાનું સામે આવ્યું છે. અહિયાં ઈફસ ડિવિઝનમાં કામ કરી રહેલા એક અધિકારીનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. અધિકારી દ્વારા સંક્રમણના ભયને જોતા સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા પણ કેટલાક દિશા-નિર્દેશ આપવામાં આવ્યા છે. જેમાં સરકારી ઓફિસોમાં આવતા અધિકારીઓએ મસક પહેરવું, એકબીજાથી અંતર જાળવવું, મિટિંગમાં પણ દૂર દૂર બેસવું જેવા નિયમોનું પાલન જરૂરી છે. દેશમાં કોરોના વાયરસનાં આંકડાઓ પર નજર કરીએ તો કોરોના વાયરસ રેકોર્ડબ્રેક સ્તરે પોતાનું વિષ ફેલાવી રહ્યો છે

# અમેરિકામાં કોરોના સક્રમિતોનો આંકડો ૨૦ લાખને પાર, ન્યુયોર્ક સૌથી વધુ પ્રભાવિત

*વોશિંગ્ટન,તા.૮*

વિશ્વમાં કોરોનાવાઈરસના કારણે અત્યાર સુધીમાં ૪ લાખ ૫ હજાર ૨૭૨ લોકોના મોત થયા છે. જયારે સંક્રમિતોનો આંકડો ૭૦ લાખ ૮૫ હજાર ૭૦૨ થયો છે. જોકે અત્યાર સુધીમાં ૩૪ લાખ ૫૯ હજાર ૮૩૦ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છેઅમેરિકામાં ટ્રમ્પ સરકાર બે બાજુ સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. અહીં સક્રમિતોનો આંકડો ૨૦ લાખને વટાવી ગયો છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. ન્યુયોર્ક રાજ્ય અને ન્યુયોર્ક શહેર સૌથી વધુ પ્રભાવિત છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે અહીં કેસની સંખ્યા એટલા માટે વધારે છે કારણ કે અહીં ટેસ્ટ વધુ થઈ રહ્યાં છે. બીજી તરફ અશ્વેત નાગરિક જોર્જ ફ્લોયડનું પોલીસના હાથે મૃત્યુ થવાને કારણે થઈ રહેલા દેખાવોના પગલે સરકારની ચિંતા વધી ગઈ છે. અહીં લોકો માસ્ક તો પહેરે છે પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરી રહ્યાં નથી.અહીં સોમવારે ૬ નવા કેસની પુષ્ટિ થઈ છે. આ તમામ સંક્રમિતો બીજા દેશોમાંથી ચીનમાં આવ્યા છે. હેલ્થ મિનિસ્ટ્રીના એક નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. ચાર કેસની પુષ્ટિ રવિવારે જયારે બેની સોમવારે થઈ છે. તેમાંથી બે દર્દીઓ એવા હતા, જેમનામાં સંક્રમણના કોઈ લક્ષણ જોવા મળ્યા ન હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૪૭૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૦૫૭૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૩૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૩૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૧૩૯૬૪**

# ભારતીય સુરક્ષાબળોએ શોપિયામાં ગત ૨૪ કલાકમાં ૯ આતંકવાદીઓને કર્યા ઠાર



શ્રીનગર,તા.૮

કાશ્મીરમાં સેનાને મોટી સફળતા મળી છે. શોપિયામાં ગત ૨૪ કલાકમાં ૯ આતંકવાદી ઠાર માર્યા છે. શોપિયાના પિંજોરામાં ચાલી રહેલા એન્કાઉન્ટર પુરૂ થઇ ગયું છે. આજે ૪ આતંકવાદી ઠાર માર્યા છે. આ ચારે હિજબુલ મુજાહિદ્દીનના આતંકવાદી છે. આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં ગોળા બારૂદ અને હથિયાર મળી આવ્યા છે. દક્ષિણી કાશ્મીરના શોપિયા જિલ્લાના રેબન વિસ્તારમાં ગઈકાલે ૫ આતંકવાદી ઠાર માર્યા હતા. એટલે કે ગત ૨૪ કલાકમાં જિબજુલના ૯ આતંકવાદીઓને ઠાર માર્યા છે. પોલીસે કહ્યું કે શોપિયા જિલ્લાના દક્ષિણ કાશ્મીરના પિંજુરા ગામમાંથી સુરક્ષાબળો અને આતંકવાદીઓ વચ્ચે રાતે શરૂ થયેલી મુઠભેડમાં ચાર આતંકવાદીને ઠાર માર્યા છે. ત્રણ જવાન ઘાયલ થયા છે પરંતુ સામાન્ય ઈજા પહોંચી છે. પોલીસ ડીજીપીએ કહ્યું કે આજે સવારે આર્મી અને સીઆરપીએફની યૂનિટ સાથે શરૂ કરવામાં આવેલા ઓપરેશનમાં તમામ ચાર આતંકવાદી ઠાર માર્યા છે.

આ હિજબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા હતા અને તેમાંથી બે હાઇ રેન્કના અને આતંકવાદી સંગઠનના જૂના સભ્ય હતા. ગત ૨૪ કલાકમાં હિજબુલના ૯ આતંકવાદીને સુરક્ષાબળોને ઠાર માર્યા છે.એક પોલીસ અધિકારીએ કહ્યું કે ચાર લાશ મળી આવી છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે જયારે શોધખોળ અભિયાન હજુ ચાલી છે.

# મોંઘવારી અનલોક...સતત બીજા દિવસે પેટ્રોલ-ડિઝલ ભાવવધારો

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં ૧લી જૂનથી લૉકડાઉન હેઠળના પ્રતિબંધોમાં વ્યાપક છૂટથી ઈંધણની માગ વધતા અને ક્રૂડના ભાવમાં સાધારણ વધારાના કારણે રવિવારે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૬૦ પૈસા સુધીનો વધારો કરાયો હતો. અંદાજે ૮૩ દિવસમાં પહેલી વખત પેટ્રોલ-ડીઝલની બેઝ પ્રાઈસમાં વધારો થયો હતો.

જેમાં આજે સતત બીજા દિવસે પણ ૬૦ પૈસાનો વધારો થયો છે. દરમિયાન ઓપેક અને સંલગ્ન રાષ્ટ્રો પણ જુલાઈના અંત સુધી ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં વધુ કાપ મુકવા સંમત થયા છે. આથી, નજીકના સમયમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થવાની સંભાવના છે. દેશમાં ૧લી જૂનથી લૉકડાઉનમાં છૂટછાટો મળતાં રસ્તા પર ટ્રાફિકની અવર-જવર શરૂ થઈ ગઈ છે. પરિણામે પેટ્રોલ અને ડીઝલની માગ પણ વધવાનું શરૂ થયું છે. દેશમાં છેલ્લે પેટ્રોલ અને ડીઝલમાં ૧૬મી માર્ચે ફેરફાર જોવા મળ્યો હતો. ત્યારથી લઈને રવિવાર સુધી વિવિધ રાજય સરકારો દ્વારા વેટ અથવા સેસ વધારવામાં આવતા પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા હતા. ઓઈલ કંપનીઓ દ્વારા લૉકડાઉનના કારણે પેટ્રોલ-ડીઝલની માગ ન હોવાથી ભાવમાં દૈનિક સમિક્ષા બંધ કરી દેવાઈ હતી. ઓઈલ કંપનીઓ દ્વારા બેઝ પ્રાઈસમાં બાવન પૈસાથી ૬૦ પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતી સરકારે પેકેજ જાહેર કરવા છતાં બજારો ધમધમાટથી દુર કેમ.....?

કોરોનાએ વિશ્વભરના દેશોના લોકોને તોબા પોકરાવી દીધા છે. વિશ્વભરમા ૬૮ લાખ થી વધુ કોરોનાગ્રસ્તોના કેસ નોંધાયા છે... જ્યારે કે ૪ લાખથી વધુના મોત થયા છે. જ્યારે ભારતમાં અનલોક-૧ મા આપવામાં આવેલ છુટછાટ બાદ કોરોના વધુ ઝડપે આગળ વધવા લાગ્યો છે. ભારતમાં અત્યાર સુધીમાં ૨,૪૮૦૦૦ થી વધુ કેસો નોંધાયા છે જ્યારે મૃતાક ૭૧૦૦ થી આગળ વધવા લાગ્યો છે. અને એ કારણે ભારત વિશ્વમાં પાંચમાં ક્રમે પહોચવાની નજીકમાં છે. ભારતમાં મહારાષ્ટ્ર પછી ગુજરાત કોરોના સંક્રમિત કેસો અને મૃતાક સંખ્યામાં આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ૨૦૧૦૭ પહોંચી ગઈ છે અને મૃતાક ૧૨૫૩ પર પહોંચી ગયો છે. જ્યારે ગુજરાતમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ અમદાવાદની બની રહી છે. અમદાવાદમાં કુલ ૧૪૩૦૮ કેસ નોંધાયા છે.મૃતાક ૧૦૧૮ પહોંચી ગયો છે.અનલોક-૧ જાહેર કરવા સાથે કન્ટેન્ટમેન્ટ વિસ્તારો છોડીને તમામ પ્રકારના ઉદ્યોગો, વેપાર-ધંધામાં છૂટછાટ આપવામાં આવી છે.... આમ છતાં આમ બજારોમાં તેજી આવવી જોઈએ તેનો સદંતર અભાવ નજરે પડી રહ્યો છે.....! લોકોમાં- લોકો દ્વારા અગાઉ જે રીતે વિવિધ બજારોમાં પૈસાની હેરફેર થતી નથી... જે થઈ રહી છે તે ફક્ત અનાજ બજાર, શાક- બકાલા બજાર સિવાય ક્યાંય દેખાતી નથી.... જોકે આ બન્ને બજારોમાં પહેલાની જેવી નાણાકીય હેરફેર થતી જ નથી.....! મતલબ કે લોકોના ખિસ્સા ખાલી છે... એટલે કે લોકોની ખરીદશકિત તળિયે પહોંચી ગઈ છે....! તે વાત સ્વીકારવી રહી. રાજ્ય કે કેન્દ્ર સરકારે ગરીબ, મજૂર, મધ્યમવર્ગના ખીસ્સામાં સીધી આર્થિક સહાય આપવાની જરૂર હતી. પરંતુ સરકારોને સાચી સલાહ મળી નથી.... કે સલાહકારોમાં લોકોની સ્થિતિ અંગે પૂરતી જાણકારી નથી.....!! અને આ કારણે બજારમાં તેજી આવી નથી... કે પૈસા વાપરવામા એક મર્યાદા આવી ગઈ છે....! ત્યારે સરકારે હવે સાચા- પ્રજાની નાડ પારખી શકે તેવા સલાહકારોની સલાહ લેવાની જરૂર છે..... નહીં તો અત્યાર સુધીમાં સલાહકારોએ કેન્દ્ર સરકારને નુકસાન થાય તેવી સલાહો આપી હોય તેમ લાગે છે.....! નહીં તો બજારો આમ પ્રજાથી ધમધમી ઉઠ્યા હોત... જોકે વરસાદી સિઝન સારી જવાની સંભાવના વધુ છે..... જેથી ખેતી ક્ષેત્રના ઉત્પાદનને કારણે બજારમાં નાણા ફરતા દેખાશે.... પરંતુ સરકારની ઈચ્છા અનુસાર દેશના અર્થતંત્રની ગાડી પુરપાટ ઝડપે દોડવાની સંભાવના નહિવત્ છે.....! સરકાર પાસે હજુ પણ એક તક છે કોમનમેનના ખીસ્સામાં સીધી આર્થિક સહાય પહોંચાડે અને એજ બાબત દેશના અર્થતંત્રને દોડતુ કરી શકે છે.....!

દેશમાં અત્યારે મહામારીનુ રાક્ષસી રૂપ ફૂલ્યું ફાલ્યું છે.... છતા રાજકીય ક્ષેત્રે તેની કોઈ અસર નથી.....! દરેક પક્ષો આમ માનવીને મહત્વ આપતા નથી કારણ કે અત્યારે તેની પાસે મત માગવાનો સમય આવ્યો નથી... ત્યારે કેન્દ્ર સરકારને મોટામાં મોટો પાઠ બિહારના લોકોએ ભણાવ્યો છે....! ગૃહમંત્રી અમિત શાહની જન સંવાદ રેલીનું મોટા પાયે આયોજન કરવા સાથે બેહદ પ્રચાર કર્યો હતો.... પરંતુ તે રેલીને જોવા વાળા માડ ૧૫ હજાર જેટલા લોકો નીકળ્યા....બિહારના અન્ય રાજયોમાંથી પરત આવેલા શ્રમજીવીઓ સાથે જે તે રાજ્યોમાં જે વ્યવહાર વર્તાવ થયો અને શ્રમજીવી પરિવારોએ જે પીડા ભોગવી તેની મોટી અસર છે.....! એ કારણે બિહારની પ્રજા કેન્દ્રથી કે ભાજપાથી વિમુખ રહી છે.....! તેમ કહેવું અતિશયોક્તિ નથી. તો ગુજરાતમાં જે અનલોક-૧ ની છકટછાટ મળી તેમાં ધારાસભ્ય ખરીદ વેચાણ સંઘ પણ મેદાનમાં આવી ગયો તેવી ચર્ચાએ આમ પ્રજામાં ભારે જોર પકડ્યું છે. તેની અત્યારે નહીં પણ ભવિષ્યે અસર થવાની શક્યતા છે.....! અને કદાચ ત્રીજો મોરચો ગુજરાતમાં છવાઈ જાય તો નવાઈ નહીં હોય....!? અને લોકો પણ હવે ભાજપા કોંગ્રેસ થી વાજ આવી ગયા છે.....!! ગુજરાત સરકારે ૧૪ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું તો કેન્દ્ર સરકારે શાળાઓને ૧૫ ઓગસ્ટ પછી ખોલવાની જાહેરાત કરી તેના કારણે વાલી વર્ગ ખુશ થઈ ગયો.... પરંતુ શાળા સત્ર ફી માફ કે ચાર માસ વીજળી બીલ માફી પેકેજમાં ન આપી જેનાથી લોકો નારાજ છે.... કારણ કે જ્યારે કોમન મેનને આર્થિક સહાયની જરૂર છે ત્યારે સરકાર સહાય આપવાથી દૂર રહી છે.....! જોકે અમદાવાદની જે પી હાઈસ્કુલે માનવતા બતાવી છે અને ત્યા ભણતા વિદ્યાર્થીઓની એપ્રિલથી ઓક્ટોબર માસની ફી માફ કરીને ઉમદા દાખલો બેસાડયો છે. અન્ય ખાનગી શાળાઓ કે જે લાખો રૂપિયા કમાય છે તે માનવતા દર્શાવવાથી દૂર રહી છે.....! તો સરકાર પણ.....!! સરકારે ત્રીજું નેત્ર ખોલે તો પરિણામ ઉગી નીકળે... પરંતુ શાળા સંચાલકોથી સરકાર કેમ ડરે છે કે પગલાં નથી લેતી....? તેવો પ્રશ્ન આમ પ્રજામા ઉઠવા પામ્યો છે.....!

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૯/૦૬/૨૦૨૦, મંગળવાર, જેઠ વદ-૪
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૯, જૈન નવકારશી-૬-૫૧, ચંદ્ર રાશિ-મકર (ખ.જ.)નક્ષત્ર-ઉતરાષાઢ

સૂય-વૃષભ
ચંદ્ર-મકર
મંગળ-કુંભ
બુધ-મિથુન
ગુરૂ-મકર
શુક્ર-વૃષભ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૨૫ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૭ સુધી, ૧૬-૦૮ થી શુભ-૧૭-૪૮ સુધી, ૨૦-૪૮ થી લાભ-૨૨-૦૮ સુધી, ૨૩-૨૭ થી શુભ-અમૃત-ચલ-૨૭-૨૫ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮થી ૧૧-૩૯ સુધી, ૧૨-૪૬થી ૧૩-૫૩ સુધી, ૧૬-૦૮ થી ૧૯-૨૯ સુધી, ૨૦-૨૨થી ૨૧-૧૫ સુધી

# આજે ધોરણ-૧૦નું પરિણામ, લાખો વિદ્યાર્થીઓની ઈંતેજારીનો અંત



ગાંધીનગર,તા.૮

આજે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે એક મોટા ખુશખબર મળી રહ્યા છે. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી, તેના પરિણામની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આજે ધોરણ-૧૦નું પરિણામ જાહેર થશે. શિક્ષણ વિભાગ દ્વારા પણ વિદ્યાર્થીઓને કોઈ અગવડતા ના મળે તેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આવતીકાલે શિક્ષણ વિભાગની વેબસાઈટ પરથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ ઓનલાઈન પરિણામ જોઈ શકશે.

ગાંધીનગર શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવાનું હોવાથી તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ વહેલી સવારે ૮ વાગ્યાથી શિક્ષણ વિભાગની વેબસાઈટ www.gseb.rog પર ઓનલાઈન પરિણામ જોઈ શકાશે. હા.. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા પરિણામની તારીખ જાહેર કરાઈ છે, પરિણામ પછી માર્કશીટના વિતરણની તારીખ પછી જાહેર કરાશે.

### હોર્સટ્રેડીંગ બીક છતાં ગુજરાત કોંગ્રેસનો દાવો

# રાસ ચૂંટણીમાં બે બેઠકો મળશે અને તે માટે ફક્ત એક મતની જરૂર છે

ગાંધીનગર,તા.૮

ગુજરાત કોંગ્રેસને તેના ધારાસભ્યોના રાજીનામા રૂપે એક પછી એક મોટા આંચકા મળી રહ્યા છે. પરંતુ તેમ છતાં કોંગ્રેસ પાર્ટીના જુસ્સાને ઓછો નથી થયો. ગુજરાત કોંગ્રેસનો દાવો છે કે રાજ્યસભાની ચૂંટણીમાં તેમને બે બેઠકો મળશે અને તે માટે તેમને ફક્ત એક મતની જરૂર છે. જોકે પાર્ટીએ આ કેવી રીતે શક્ય બનશે તે અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ગુજરાતના કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે કહ્યું કે, બીજી બેઠક જીતવા માટે અમારે માત્ર એક મતની જરૂર છે. અમે સંખ્યા પર ચર્ચા કરીશું નહીં કારણ કે તે અમારી વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમણે ૨૦૧૭ રાજયસભા માટેઅહેમદ પટેલ કેસનું ઉદાહરણ આપ્યું અને એમ પણ કહ્યું કે અમે હાલ સંખ્યાબળ પર કામ કરી રહ્યા છીએ, નિષ્ક્રિય બેઠા નથી.વર્ષ ૨૦૧૮ માં ગુજરાત વિધાનસભાની ૭૭ બેઠકો કોંગ્રેસે જીતી હતી પરંતુ હવે પાર્ટીનું સંખ્યા બળ ઘટીને ૬૫ થઈ ગયું છે.

માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૮ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. રાજયસભાની ચૂંટણી સુધી કોંગ્રેસે તેના બાકીના ધારાસભ્યોને અંબાજી, વડોદરા અને રાજકોટ મોકલી દીધા છે. કોંગ્રેસે રાજયસભાની ચૂંટણી માટે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉમેદવાર બનાવ્યા છે. ગોહિલને પ્રથમ પસંદગીના આધારે મત મળશે પરંતુ બીજી બેઠક માટે કોંગ્રેસનો રસ્તો મુશ્કેલ બન્યો છે કારણ કે બીજેપીએ નરહરિ અમીનને મેદાનમાં ઉતાર્યા છે.

# અમદાવાદ SVPમાં કોરોના વોરીયર્સ પગાર કપાત મુદ્દે અંદોલન છેડતા નિણર્ય પાછો ખેંચાયો

અમદાવાદ,તા.૮

એક તરફ ગુજરાતમાં કોરોના વાયરસ અટકવાનું નામ નથી લઈ રહ્યો, કેસની સંખ્યા ૨૦ હજારને પાર પહોંચી છે ત્યારે અમદાવાદની SVP હોસ્પિટલનો ૭૫ ટકા ર્નસિંગ સ્ટાફ હડતાળ પર ઉતરતા સરદાર વલ્લભભાઇ પટેલ હોસ્પિટલ ચર્ચામાં આવી છે. પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, નર્સિંગ સ્ટાફના પગારમાં ૨૦% થી વધારેનો કાપ મુકવામાં આવતા કોરોના વોરિયર્સ એવા ર્નસિંગના કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. વહેલી સવારથી ર્નસિંગ સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે અને કામથી અળગો રહ્યો છે. પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે હોસ્પિટલ કેમ્પસમાં જ ધરણાં યોજ્યા હતા. સ્થિતિ વધુ વણસે તે પહેલા જ આ કપાત પગારનો નિર્ણય પરત લેવામાં આવ્યો હતો. બાદમાં હડતાળ પર ઉતરેલા જીૅફ હોસ્પિટલના ર્નસિંગ સ્ટાફને હોસ્પિટલ તંત્ર તરફથી ખાતરી આપવામાં આપવાની સાથે સાથે લેખિતમાં પણ જાણકારી આપવામાં આવી છે કે તેમનો પગાર કપાશે નહી. આ સાથે સાથે જે સ્ટાફ કોવીડ-૧૯ વોર્ડમાં ફરજ બજાવે છે, તે સ્ટાફને ૨૦ ટકા વધારે પગારની ચૂકવણી કરવામાં આવશે. આ ઉપરાંત તેઓને ૨૫૦ રૂપિયાનું ઈન્સેન્ટિવ પણ આપવામાં આવશે. SVP ર્નસિંગ સ્ટાફ હડતાળને લઈને અમદાવાદ મહાનગરપાલિકાએ UDS કંપનીને પત્ર લખીને નોટીસ ફટકારી છે અને વધુ ૨૦ ટકા પગાર ચૂકવવાના આદેશ પણ આપ્યા છે, આ સાથે જ એપેડેમિક નિયમ મુજબ ૨૫૦ નું ભથ્થું પણ આપવું પડશે.

એકસાથે ૨૦૦થી વધારે સ્ટાફના પગારમાં કપાત કરવામાં આવ્યો છે. આમ પગારમાં ૧૦ હજારથી ૧૨ હજાર રૂપિયા સુધીનો કાપ મુકવામાં આવતા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓમાં રોષ ફેલાયો હતો. આ સાથે જ કામ કરવું હોય તો કરો નહિ તો જોબ છોડી દેવાની ધમકી પણ આપવામાં આવી છે. તો સંચાલકોએ દ્વારા કંપની લોસમાં છે તેવું કહી બચાવ કર્યો હતો. આ ઘટનાને લઈને હોસ્પિટલનો ૭૫ ટકા સ્ટાફ ધરણાં પર ઉતર્યો હતો અને વહેલી સવારથી ર્નસિંગ સ્ટાફ કામથી અળગો રહ્યો હતો. જો કે, ત્યારબાદ સત્તાધીશોએ પોતાનો નિર્ણય પરત ખેંચ્યો હતો.

કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. વહેલી સવારથી ર્નસિંગ સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે અને કામથી અળગો રહ્યો છે. પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે કેમ્પસમાં જ ધરણાં કર્યા છે. કર્મચારીઓને ઈમેલ આવતા ખબર પડી હતી કે તેમના પગારમાં કાપ મુકવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કોરોનામાં ફરજ બજાવતા આવા વોરિયર્સને વધારાનું મહેનતાણું ચૂકવવાનો આદેશ કર્યો છે પરંતુ આ મહેનતાણું પણ ચૂકવવામાં નહીં આવે ઉલ્ટાનો તેઓનો પગાર કાપી લેવામાં આવ્યો છે.વિરોધ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ અને ર્નસિંગ સ્ટાફ વચ્ચે બબાલ થઈ છે.પગાર કાપી લેવાતા ર્નસિંગના ૭૫ જેટલા કર્મચારીઓ જીૅફ કેમ્પસમાં એકઠા થયા છે. ર્નસિંગના કર્મચારીઓને પગાર ઘટાડવામાં આવશે તેવી કોન્ટ્રાકટ રાખતી UDS કંપની દ્વારા જાણ કરાઈ હતી. કર્મચારીઓએ વિરોધ કરતા નોકરી કરવી હોય તો કરો કહીને કોન્ટ્રાકટ રાખતી કંપની દ્વારા કહેવામાં આવ્યું છે. ૅઈ કિટ, માસ્ક સહિતનો ખર્ચ થયો હોવાથી પગાર કાપવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે.

# ૭૫ દિવસ બાદ ભક્તો માટે ખુલ્યા ભગવાનના દ્વાર, લોકોએ નિયમબદ્ધ રીતે કર્યા દર્શન

અમદાવાદ,તા.૮

રાજ્યમાં ૧ જૂનથી અનલોક ૧ કરવામાં આવ્યું છે. આજથી રાજ્યમાં તમામ મંદિરો, ધાર્મિક સ્થાનો, મોલ, રેસ્ટોરન્ટ અને હોટેલો ખોલવામાં આવી છે. ૭૫ દિવસ બાદ વહેલી સવારથી જ અમદાવાદમાં મોટા ભાગના મંદિરો ભકતો માટે ખુલ્યા હતા. એસજી હાઈવે પર આવેલું ઈસ્કોન મંદિર સવારે ૭.૧૫ વાગ્યે ખોલવામાં આવ્યું હતું. મંદિરમાં સેનિટાઈઝ કર્યા બાદ અને માસ્ક પહેરનારા લોકોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. લોકોએ લાંબા સમય બાદ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોરોનાની મહામારીના કારણે સમગ્ર દેશમાં ૨૪ માર્ચથી લોકડાઉન કરવામાં આવ્યું હતું. ૨ મહિના જેટલું લોકડાઉન બાદ કેટલીક છુટછાટ આપવામાં આવી હતી જો કે સરકારે મંદિરો, ધાર્મિક સ્થાનો ખોલવાની મંજૂરી આપી ન હતી.

અનલોક ૧ જાહેર થયા બાદ આજે એટલે કે ૮ જૂને મંદિરો, ધાર્મિક સ્થાનો, મોલ, રેસ્ટોરન્ટ અને હોટલો ખુલી છે. મંદિરોમાં સવારથી જ લોકો ભગવાનના દર્શન માટે પોહચી ગયા હતા. મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને ગાઈડલાઈનનું પાલન થાય તેની તમામ તકેદારી રાખવામા આવી હતી. મંદિરમાં પ્રસાદ આપવામાં આવતો નથી. ઈસ્કોન મંદિર સવારે ૭.૧૫થી ૧ અને સાંજે ૪થી ૮ સુધી મંદિર ખુલ્લુ રહેશે. અમદાવાદનું સુપ્રસિદ્ધ અને નગરદેવી ભદ્રકાળી માતાનું મંદિર આજથી નહીં ખુલે. મંદિર કન્ટેનમેન્ટ વિસ્તારમાં આવેલું હોવાથી આજથી ખોલી શકાયું નથી. પોલીસ સાથે ચર્ચા કરીને મંદિર ખોલવામાં આવશે. આવતીકાલથી નગરદેવી ભદ્રકાળી માતાનું મંદિર ખુલે તેવી શક્યતા છે.

ભક્તો નગરદેવી માં ભદ્રકાળીના મંદિરની બહારથી જ દર્શન કરી રહ્યા છે. બીજીતરફ જમાલપુરમાં આવેલું ઐતિહાસિક અને સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર પણ આજે ભક્તો માટે ખુલ્યું નથી. મંદિરમાં રવિવારે ફ્યુમીગેશનની કામગીરી કરવામાં આવી હતી. જો કે આજે સવારથી હજી સુધી મંદિર ખુલ્યું નથી. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ મંદિર ખોલવા બાબતે જણાવ્યું કે, ભગવાન જગન્નાથજીનું મંદિર કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં આવેલું હોવાથી મંદિર હજુ નહીં ખુલે. ૧૫ જૂનથી ભક્તો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

## ગાંધીનગરમાં એક જ દિવસમાં વધુ ૨૨ કોરોના કેસ નોંધાતા તંત્રમાં ગભરાટ

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૦થી વધુ જ હોય છે આવી સ્થિતિમાં આજે કોરોના પોઝિટિવ ત્રણ વ્યક્તિઓના મોત થયા હોવાનું સામે આવી રહયું છે. કલોલના સુભાષપાર્કમાં રહેતા ૪૩ વર્ષીય પુરુષ પોઝિટિવ હોવાને પગલે ગાંધીનગર સિવિલમાં દાખલ હતો. આજે તેનું મોત નીપજ્યું છે.

જ્યારે સે-૭/એમાં રહેતી ૬૩ વર્ષીય મહિલાને તા.૪ જુનના રોજ ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગઈકાલે રાત્રે તેણીનું મોત નીપજ્યું હતું. તો માણસાના દેલવાડામાં રહેતા ૭૫ વર્ષીય પુરુષને તાવ, કફ સહિતની તકલીફ હોવાના પગલે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે તેમનું મૃત્યુ નીપજ્યુ હતું.

# સોના-ચાંદીના વાયદામાં તેજી સાથે થયેલો નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભઃ સોનું રૂ.૩૧૦, ચાંદી રૂ.૮૮૭ ઊછળ્યા

### ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સીમિત ઘટાડોઃ કપાસ, સીપીઓમાં વૃદ્ધિઃ એલચી, મેન્થા તેલ ઢીલાંઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૧૨૩૮.૯૯ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૮૫૩૦ સોદામાં રૂ. ૧૧૨૩૮.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૦૯૭૬.૬૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૬૨.૩૬ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદામાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૦ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૮૮૭ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં સીમિત રેન્જમાં ઘટાડો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને સીપીઓમાં વૃદ્ધિ સામે એલચી અને મેન્થા તેલ ઢીલાં હતાં.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૬૬૪૫ સોદાઓમાં રૂ. ૬૧૫૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૭૯૩ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૧૦૦ અને નીચામાં રૂ. ૪૫૭૯૩ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૧૦ વધીને રૂ. ૪૬૦૦૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૨૪૦ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૩૬ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૪ વધીને બંધમાં રૂ. ૪૬૦૨૨ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૭૬૫૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૩૪૦ અને નીચામાં રૂ. ૪૭૬૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૮૭ વધીને રૂ. ૪૮૨૩૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૬૬૯ વધીને રૂ. ૪૮૫૮૨ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૬૭૧ વધીને રૂ. ૪૮૫૫૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૬૦૯૨ સોદાઓમાં રૂ. ૨૩૫૪.૩૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૪૬ અને નીચામાં રૂ. ૨૮૭૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯ ઘટીને રૂ. ૨૯૮૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૧૩૨ સોદાઓમાં કુલ રૂ. ૧૬૯.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૬૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૭૪૦ અને નીચામાં રૂ. ૧૬૫૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ. ૧૬૭૦૦ના જ સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૫૨.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૯ વધીને બંધમાં રૂ. ૬૬૦.૨ ના ભાવ હતા, જ્યારે એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૬૦૦ ખૂલી, અંતે રૂ. ૮ ઘટીને રૂ. ૧૫૬૨ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૬૫ અને નીચામાં રૂ. ૧૦૪૩.૩ રહી, અંતે રૂ. ૧૦૫૧.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૩૧.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૫૨.૫ અને નીચામાં રૂ. ૧૦૩૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬.૦૦ વધીને રૂ. ૧૦૪૭ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૯૭૭ સોદાઓમાં કુલ રૂ. ૩૨૦૦.૨૬ કરોડ ની કીમતનાં ૬૯૬૧.૭૪૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૧૬૬૮ સોદાઓમાં કુલ રૂ. ૨૯૫૮.૨૧ કરોડ ની કીમતનાં ૬૧૨.૯૨ ટન, ક્રૂડ તેલમાં ૩૮૩૪૦ સોદાઓમાં રૂ. ૧૬૧૩.૨૧ કરોડનાં ૫૩૫૨૩૦૦ બેરલ્સ, કોટનમાં ૫૬૨ સોદાઓમાં રૂ. ૩૨.૧૬ કરોડનાં ૧૯૨૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૪૫૩ સોદાઓમાં રૂ. ૧૨૯.૦૩ કરોડનાં ૧૯૬૭૦ ટન, એલચીમાં ૬ સોદાઓમાં રૂ. ૧૦.૮૫ લાખનાં ૦.૭ ટન, મેન્થા તેલમાં ૫૨ સોદાઓમાં રૂ. ૬.૩૬ કરોડનાં ૬૦.૪૮ ટન, કપાસમાં ૫૯ સોદાઓમાં રૂ. ૧.૩૭ કરોડનાં ૨૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૪૩૯.૬૮૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૮૮.૩૨૫ ટન, ક્રૂડ તેલમાં ૫૬૧૮ બેરલ્સ, કોટનમાં ૧૦૭૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૪૯૯૮૦ ટન, એલચીમાં ૧ ટન, મેન્થા તેલમાં ૫૮.૩૨ ટન અને કપાસમાં ૨૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૬૨.૩૬ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૭.૦૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૨૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૭૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૫.૫ અને નીચામાં રૂ. ૨૨૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૭૦ અને નીચામાં રૂ. ૫૧૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૩૫.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૦૦ અને નીચામાં રૂ. ૧૦૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૬૨.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૦૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૨૭.૫ અને નીચામાં રૂ. ૨૮૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૩ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૮.૯ અને નીચામાં રૂ. ૧૧૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૨.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૫.૫ અને નીચામાં રૂ. ૭૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૮.૨ બંધ રહ્યો હતો,

# બ્રેક વિનાના સ્કુટર જેવું રાજકારણ

સત્ય અને કૃષ્ણના સહારે મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસોમાં પાંડવોના વિજય સાથે પુર્ણ થયું હતું, આપણે કોરોના ઉપર ૨૧ દિવસોમાં વિજય મેળવવાનો નિર્ધાર કર્યો હતો, આ નિર્ધાર ના કારણેજ લોકો સ્વેચ્છાએ રાજીખુશીથી લોકડાઉન થયા, પરંતુ ૫૦ દિવસોના લોકડાઉન પછી પણ કોરોના સામે વિજય નથી પામી શકાયો ઉલટી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે, લાગે છે કે કોરોના સામેના આ યુદ્ધમાં કૃષ્ણની કૃપાદ્રષ્ટિની ખામી છે, પોતાના કર્તવ્યનું જેને ભાન નથી એવા નિરક્ષર,અહંકારી અને આળસુ લોકો કૃષ્ણકૃપાના ક્યારેય હકદાર હોતા નથી,કૃષ્ણ તો હંમેશા સત્યની સાથે જ હોય છે પણ અહી તો સત્ય અને અસત્યની સમજણ ના હોવાથી સતા સુત્રો, વ્યવસ્થાપકો અને નેતાઓ પોતે જ ગોથા ખાઈ રહ્યા છે, મજુરોને પોતાના ઘરે જવા દેવા ની જરૂર હતી ત્યારે લોકડાઉનમા રાખ્યા અને કોરોના કેસ વધવા લાગ્યા ત્યારે લોકડાઉનમા રાખવાને બદલે અવ્યવસ્થિત રીતે ઘરે જવા માટે રજળાવી મુક્યા, ઘડીક આ પક્ષમાં અને પછી વળી બીજા પક્ષમાં કુદકા મારીને પોતાનુ ગાડું ગબડાવતા નિર્લજ્જ નેતાઓની અનેક બુરાઈ ઓને આંખ આડા કાન કરીને અને તેને કલીનચીટનુ સર્ટિફિકેટ આપીને પોતાના પક્ષમાં સમાવી લેનારા તેના સાથીદારો પાસેથી સુવ્યવસ્થાની અપેક્ષા કેવી રીતે રાખી શકો? ક્ષુલ્લક સ્વાર્થ માટે યા તો અહમના કારણે અંધબની ગયેલા આવા ધૃતરાષ્ટ્ર જેવા નેતાઓ દેશસેવા શું ખાક કરવાના હતા !! એક પક્ષમાંથી બીજા પક્ષમાં સરકી જનારા તકવાદી,મતલબી નેતાઓ પોતે તો તકસાધુ છે જ પણ તેવા નેતાઓ ને પોતાના પક્ષમાં પ્રવેશ આપનારા પક્ષો પણ અસત્ય, અનૈતિકતાને પ્રોત્સાહન પૂરું પાડનાર મલીનવિચારધારા,સિદ્ધાંત વિહીન, નૈતિક મૂલ્યોની બલી ચડાવી દેનારા પક્ષ તરીકે ઊભરી આવે છે એ પણ યાદ રાખવા જેવું છે અને આવી મલીનતા અને ગંદકીને સમાવનારા પક્ષો પોતે પોતાના પગ પર કુહાડી મારી ને અંતે દેશની ઘોર ખોદે છે, મહાભારતના યુદ્ધમાં સેનાપતિ આગલી હરોળમાં ઊભા રહીને મોરચો સંભાળતા હતા જ્યારે કોરોના સામેની લડતમાં સેનાપતિ તો ઠીક પણ સ્નછ, રેં કે કોઈ સૈહેજીી સુદ્ધાં ક્યાંય ગોત્યા મળતા નથી, ભુતકાળમાં છાસવારે ફોટા પડાવીને વાહવાહી મેળવનારા નેતાઓ ધરમાં બેઠા બેઠા હાકલા,પડકારા કરીને કોરોનાને પોતાની સ્ટાઈલથી, દબંગાઈથી કે બાહુબળથી ડરાવીને ભગાડી મુકવાના ભગીરથ કાર્ય માં વ્યસ્ત હતા ત્યારે બીજી તરફ ઉપલી હરોળના નેતાઓ ઘરમાં કે ઓફિસમાં બેઠા બેઠા આત્મનિર્ભરતાની વાતો વહેતી મુકી ને મોટી જવાબદારી પુરી કરી નાખી હોય એવો ડોળ કે આત્મસંતોષ વ્યક્ત કરતા હતા, આવી કસરત નેતાઓને કદાચ ઘડી બે ઘડી રાહત આપી શકે પણ વાસ્તવિકતાથી એમ જલ્દી પીછો ન છોડાવી શકાય, વાસ્તવિકતા એ છે કે નેતાઓએ અને સરકારે સ્વયં આત્મનિર્ભર બનવાની જરૂર છે, સરકારી તંત્ર એ અપગ્રેડ થવાની જરૂર છે, ઈન્ટેલિજન્સ ઇનપુટ બહેતર બનાવવાની જરૂર છે, ધારાસભ્યો, સાંસદોની જવાબદારી ફિક્સ કરવાની જરૂર છે, મંત્રીઓની સમિતિ નું હોમવર્ક તપાસવાની જરૂર છે, ગનમેન,સીકયુરીટી સાથે સીન,સપાટા મારતા સેનાપતિ કેડરના નેતાઓએ હેલીકોપ્ટર અને બુલેટપ્રુફ કારમાંથી ઉતરીને ૪૦-૪૨ ડિગ્રીમાં રસ્તા ઉપર ૧૦-૧૨ કિ.મી. પગપાળા ચાલીને સ્થિતિની સમિક્ષા કરવાની જરૂર છે, દેશના લોકોને અબુધ, અજ્ઞાની સમજીને છાસવારે ઉપદેશ/બોધ આપતા નેતાઓએ પોતેજ આત્મઅવલોકન કરીને એ સમજવું જરૂરી છે ભાષણ આપવાની કળા કરતા શુદ્ધ અને પારદર્શક વ્યવહાર સાથે લોકોને ઉન્નતિ તરફ લઈ જતું શાસન આપવુ એ મહત્વનું છે અને આ રીતે જ ખરા અર્થમાં સરકારે પોતે આત્મનિર્ભર બનીને લોકકલ્યાણના કામમાં લાગી જવાની જરૂર છે,લોકો દ્વારા અપાયેલુ ફંડ લોકોને જ ફરીથી રાહતના રુપમાં આપવુ અને એ પણ શાહુકાર ની જેમ એ આ સમસ્યાનો કાયમી હલ નથી, શા માટે દરેક કુદરતી આપદા વખતે ફંડ ઉઘરાવવુ પડે છે? શા માટે પાણી પહેલા પાળ નથી બાંધતા? કુદરતી આપત્તિઓ ક્યારેય આપણને અગાઉથી સંદેશ આપીને ન આવે એટલી સમજણ તો શાસકોને હોવી જોઈએ અને તેને પહોંચી વળવા માટે ની સુસજ્જતા પણ બતાવવી પડે, તરસ લાગે ત્યારે કુવો ખોદવા જનારી સરકાર કે પ્રજા એક અર્થમાં નિરક્ષર જ ગણાય, ખરું માનો તો ડીઝાસ્ટરથી લઈને આખા સરકારી તંત્ર ને અપગ્રેડેશનની જરુર છે એ કોરોનાએ બતાવી આપ્યું. આવી આપદા ના સમયે હોસ્પિટલ, ટેસ્ટીગ, ડોક્ટર, દવા, ઉપર કેન્દ્રિત થઈ ને તે દિશામાં પગલાં ભરવા જોઈએ કે પુષ્પવર્ષા અને થાળીઓ વગડાવવાની હોય ? ભગવાન ન કરે પણ કદાચ કોરોના જેવી બીજી કોઈ સમસ્યા નજીકના ભવિષ્યમાં પેદા થાય તો સરકાર પુષ્પવર્ષા અને થાળીઓ વગડાવવા સિવાય બીજું શું શું કરી શકે એમ છે એ પ્રશ્ન લોકો દ્વારા પુછાવાની શરુઆત થાય એ પહેલાં સાશકો અને સરકારી બાબુઓએ જાગી જવાની જરૂર છે,

મહાભારતના યુધ્ધ માં કંટ્રોલ રૂમમાં થી યુદ્ધનુ સંચાલન કરવાના બદલે મોતનો ડર રાખ્યા વગર કૃષ્ણ સ્વયં યુદ્ધ મેદાનમાં હાજર હતા,

કોઈ પણ દેશના લોકોને કુશળ શાસકની જરૂર હોય છે નહીં કે અભિભુત કરી દેતું ભાષણ કે બોધપાઠ આપનારા કુશળ વક્તા,

# કુદરત તમારી માયબાપ છે તમે નહિ? કોરોનાથી બચવાનું બોલો..સામે પડવામાં સાફ થવાય

સત્ય અને કૃષ્ણના સહારે મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસોમાં પાંડવોના વિજય સાથે પુર્ણ થયું હતું, આપણે કોરોના ઉપર ૨૧ દિવસોમાં વિજય મેળવવાનો નિર્ધાર કર્યો હતો, આ નિર્ધાર ના કારણેજ લોકો સ્વેચ્છાએ રાજીખુશીથી લોકડાઉન થયા, પરંતુ ૫૦ દિવસોના લોકડાઉન પછી પણ કોરોના સામે વિજય નથી પામી શકાયો ઉલટી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે, લાગે છે કે કોરોના સામેના આ યુદ્ધમાં કૃષ્ણની કૃપાદ્રષ્ટિની ખામી છે, પોતાના કર્તવ્યનું જેને ભાન નથી એવા નિરક્ષર,અહંકારી અને આળસુ લોકો કૃષ્ણકૃપાના ક્યારેય હકદાર હોતા નથી,કૃષ્ણ તો હંમેશા સત્યની સાથે જ હોય છે પણ અહી તો સત્ય અને અસત્યની સમજણ ના હોવાથી સતા સુત્રો, વ્યવસ્થાપકો અને નેતાઓ પોતે જ ગોથા ખાઈ રહ્યા છે, મજુરોને પોતાના ઘરે જવા દેવા ની જરૂર હતી ત્યારે લોકડાઉનમા રાખ્યા અને કોરોના કેસ વધવા લાગ્યા ત્યારે લોકડાઉનમા રાખવાને બદલે અવ્યવસ્થિત રીતે ઘરે જવા માટે રજળાવી મુક્યા, ઘડીક આ પક્ષમાં અને પછી વળી બીજા પક્ષમાં કુદકા મારીને પોતાનુ ગાડું ગબડાવતા નિર્લજ્જ નેતાઓની અનેક બુરાઈ ઓને આંખ આડા કાન કરીને અને તેને કલીનચીટનુ સર્ટિફિકેટ આપીને પોતાના પક્ષમાં સમાવી લેનારા તેના સાથીદારો પાસેથી સુવ્યવસ્થાની અપેક્ષા કેવી રીતે રાખી શકો? ક્ષુલ્લક સ્વાર્થ માટે યા તો અહમના કારણે અંધબની ગયેલા આવા ધૃતરાષ્ટ્ર જેવા નેતાઓ દેશસેવા શું ખાક કરવાના હતા !! એક પક્ષમાંથી બીજા પક્ષમાં સરકી જનારા તકવાદી,મતલબી નેતાઓ પોતે તો તકસાધુ છે જ પણ તેવા નેતાઓ ને પોતાના પક્ષમાં પ્રવેશ આપનારા પક્ષો પણ અસત્ય, અનૈતિકતાને પ્રોત્સાહન પૂરું પાડનાર મલીનવિચારધારા,સિદ્ધાંત વિહીન, નૈતિક મૂલ્યોની બલી ચડાવી દેનારા પક્ષ તરીકે ઊભરી આવે છે એ પણ યાદ રાખવા જેવું છે અને આવી મલીનતા અને ગંદકીને સમાવનારા પક્ષો પોતે પોતાના પગ પર કુહાડી મારી ને અંતે દેશની ઘોર ખોદે છે, મહાભારતના યુદ્ધમાં સેનાપતિ આગલી હરોળમાં ઊભા રહીને મોરચો સંભાળતા હતા જ્યારે કોરોના સામેની લડતમાં સેનાપતિ તો ઠીક પણ સ્નછ, રેં કે કોઈ સૈહેજીી સુદ્ધાં ક્યાંય ગોત્યા મળતા નથી, ભુતકાળમાં છાસવારે ફોટા પડાવીને વાહવાહી મેળવનારા નેતાઓ ધરમાં બેઠા બેઠા હાકલા,પડકારા કરીને કોરોનાને પોતાની સ્ટાઈલથી, દબંગાઈથી કે બાહુબળથી ડરાવીને ભગાડી મુકવાના ભગીરથ કાર્ય માં વ્યસ્ત હતા ત્યારે બીજી તરફ ઉપલી હરોળના નેતાઓ ઘરમાં કે ઓફિસમાં બેઠા બેઠા આત્મનિર્ભરતાની વાતો વહેતી મુકી ને મોટી જવાબદારી પુરી કરી નાખી હોય એવો ડોળ કે આત્મસંતોષ વ્યક્ત કરતા હતા, આવી કસરત નેતાઓને કદાચ ઘડી બે ઘડી રાહત આપી શકે પણ વાસ્તવિકતાથી એમ જલ્દી પીછો ન છોડાવી શકાય, વાસ્તવિકતા એ છે કે નેતાઓએ અને સરકારે સ્વયં આત્મનિર્ભર બનવાની જરૂર છે, સરકારી તંત્ર એ અપગ્રેડ થવાની જરૂર છે, ઈન્ટેલિજન્સ ઇનપુટ બહેતર બનાવવાની જરૂર છે, ધારાસભ્યો, સાંસદોની જવાબદારી ફિક્સ કરવાની જરૂર છે, મંત્રીઓની સમિતિ નું હોમવર્ક તપાસવાની જરૂર છે, ગનમેન,સીકયુરીટી સાથે સીન,સપાટા મારતા સેનાપતિ કેડરના નેતાઓએ હેલીકોપ્ટર અને બુલેટપ્રુફ કારમાંથી ઉતરીને ૪૦-૪૨ ડિગ્રીમાં રસ્તા ઉપર ૧૦-૧૨ કિ.મી. પગપાળા ચાલીને સ્થિતિની સમિક્ષા કરવાની જરૂર છે, દેશના લોકોને અબુધ, અજ્ઞાની સમજીને છાસવારે ઉપદેશ/બોધ આપતા નેતાઓએ પોતેજ આત્મઅવલોકન કરીને એ સમજવું જરૂરી છે ભાષણ આપવાની કળા કરતા શુદ્ધ અને પારદર્શક વ્યવહાર સાથે લોકોને ઉન્નતિ તરફ લઈ જતું શાસન આપવુ એ મહત્વનું છે અને આ રીતે જ ખરા અર્થમાં સરકારે પોતે આત્મનિર્ભર બનીને લોકકલ્યાણના કામમાં લાગી જવાની જરૂર છે,લોકો દ્વારા અપાયેલુ ફંડ લોકોને જ ફરીથી રાહતના રુપમાં આપવુ અને એ પણ શાહુકાર ની જેમ એ આ સમસ્યાનો કાયમી હલ નથી, શા માટે દરેક કુદરતી આપદા વખતે ફંડ ઉઘરાવવુ પડે છે? શા માટે પાણી પહેલા પાળ નથી બાંધતા? કુદરતી આપત્તિઓ ક્યારેય આપણને અગાઉથી સંદેશ આપીને ન આવે એટલી સમજણ તો શાસકોને હોવી જોઈએ અને તેને પહોંચી વળવા માટે ની સુસજ્જતા પણ બતાવવી પડે, તરસ લાગે ત્યારે કુવો ખોદવા જનારી સરકાર કે પ્રજા એક અર્થમાં નિરક્ષર જ ગણાય, ખરું માનો તો ડીઝાસ્ટરથી લઈને આખા સરકારી તંત્ર ને અપગ્રેડેશનની જરુર છે એ કોરોનાએ બતાવી આપ્યું. આવી આપદા ના સમયે હોસ્પિટલ, ટેસ્ટીગ, ડોક્ટર, દવા, ઉપર કેન્દ્રિત થઈ ને તે દિશામાં પગલાં ભરવા જોઈએ કે પુષ્પવર્ષા અને થાળીઓ વગડાવવાની હોય ? ભગવાન ન કરે પણ કદાચ કોરોના જેવી બીજી કોઈ સમસ્યા નજીકના ભવિષ્યમાં પેદા થાય તો સરકાર પુષ્પવર્ષા અને થાળીઓ વગડાવવા સિવાય બીજું શું શું કરી શકે એમ છે એ પ્રશ્ન લોકો દ્વારા પુછાવાની શરુઆત થાય એ પહેલાં સાશકો અને સરકારી બાબુઓએ જાગી જવાની જરૂર છે,

મહાભારતના યુધ્ધ માં કંટ્રોલ રૂમમાં થી યુદ્ધનુ સંચાલન કરવાના બદલે મોતનો ડર રાખ્યા વગર કૃષ્ણ સ્વયં યુદ્ધ મેદાનમાં હાજર હતા,

કોઈ પણ દેશના લોકોને કુશળ શાસકની જરૂર હોય છે નહીં કે અભિભુત કરી દેતું ભાષણ કે બોધપાઠ આપનારા કુશળ વક્તા,

ન્યુઝ ઓફ ગાંધીનગર

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય વિભાગ ની શુભાશિત.કહેવત વિભાગ સ્પર્ધાના પરિણામો જાહેર :
નિર્ણાયક જયશ્રીબેન પટેલ પ્રસ્તુત :
સૌ કોઈ વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન..
સંચાલકઃ જીગ્ના કપુરીયા. આયોજક તંત્રી : પ્રદીપ રાવલ
www.janfariyadnews.com
ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે
સર્વ શ્રેષ્ઠ રચના
સુભાષિત
મનોજકુમાર પંચાલ "મન"
કહેવત
ઘનશ્યામ વ્યાસ
સુભાષિત વિભાગ
૧)હિરછાય
૨઼ભરત રબારી
૩)શીલા પટેલ
કહેવત વિભાગ
૧઼ભાવના પટેલ
૨઼કલ્પના ત્રિવેદી
૩)તેજલ વઘાસીયા
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ

સુભાષિત
મન મેલાં તન ઊજળાં,
બગલા કપટી અંગ
તેથી તો કાગા ભલા
તનમન એક જ રંગ.

અહીં બગલા અને કાગડા પરથી મનની વૃત્તિ અને બહારના દેખાવની વાત કરી છે. બગલો તળાવમાં સાધુની જેમ ધ્યાન લગાવવાના ઢોંગ સાથે આહાર મેળવવા પ્રપંચ કરતો હોય છે. રંગ સફેદ છે પણ એની વૃત્તિ ફસાવવાની છે. બગલાના ચાંચ, પગ કપટી છે. જ્યારે કાગડાનો રંગ મેલો અને વિચારો પણ કપટી હોય છે. તે આજુબાજુનો ગંદો કચરો , જીવડાં ને મરેલાં જીવો ખાતો હોય છે. જેના મનમાં કપટ,રાગ,દ્વેષ હોય તેવા માણસ પશુ-પંખી પર વિશ્વાસ કરવો ઘાતક સાબિત થાય છે. તનને જોઈને પારખી શકાય પણ મનને પારખી શકાતું નથી. મહાભારતમાં કૌરવો પાંડવોને લાક્ષાગૃહને ભેટ આપે છે. અંતે તો પાંડવોને મારી નાખવાનું કાવતરું કરતા હોય છે. એ જ રીતે ઈન્દ્રપ્રસ્થ જઈ કૌરવોમાં શકુનિ ધૃત રમતમાં જાણી જોઈને હારી જાય છે. યુધિષ્ઠિરને ધૃત રમતાં સારું આવડે તેમ કહી પાંડવોને હસ્તિનાપુર બોલાવી ધૃત રમતમાં હરાવે છે. જેમાં પાંડવોનું રાજ્ય પડાવવાનો,બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ આપીને બરબાદ કરવાનું કાવતરું જ હોય છે. અંગ્રેજો પણ આપણા ભારતમાં વેપાર કરવાની નીતિથી આવ્યાં. છેવટે આપણા દેશને ગુલામ બનાવીને દેશની અઢળક સંપત્તિ, સાહિત્ય,શોધ પોતાના દેશમાં લઇ જવાનું કાવતરું હતું.

આમ, ધોળું એટલું દૂધ નથી હોતું.
'મન'
મનોજકુમાર પંચાલ . પાલનપુર

---------------------------------------------------

વિભાગ :- સુભાષિત
મન મેલા તન ઊજળાં,
બગલા કપટી અંગ;
તેથી તો કાગા ભલા,
તન મન એક જ રંગ.

આપણા આ સુભાષિતો માં ઘણું બધું તથ્ય છુપાયેલું હોય છે.આ નાની પણ ચાર લાઇનો ઘણું બધું સમજાવી જાય છે. જે સુંદર હોય, કપડાં સાફ હોય, વાતોમાં પ્રભાવશાળી હોય, એનું મન ચોખ્ખું જ હોય એ જરૂરી નથી. બગલો દેખાવમાં કેટલો સુંદર હોય છે.પણ, જ્યારે માછલી પકડવાની હોય છે, ત્યારે એના જેવું કોઈ ભગત નથી એવો દેખાવ કરે છે.પણ, મુળમાં તો એની વૃત્તિ માછલી પકડવાની હોય છે. એટલે હંમેશા એવા માણસોથી હંમેશા ચેતતા રહેવું સારું. બીજી બાજુ જે ગમે તેવાં દેખાતા હોય, કડવું પણ બોલતાં હોય, પણ એમની વાતમાં સત્ય હોય છે.તેઓ વાસ્તવિક હોય છે . જેવાં અંદર છે .તેવાં જ તે બાહર હોય છે. કાગડાની જેમ. કાગડા તો જેવાં હોય તેવાં જ દેખાય છે.એમનો અવાજ ભલે કર્કશ હોય, દેખાવ પણ ભલે ને કાળો હોય, એ દગો કયારેય નથી કરતાં. એટલે આ સુભાષિત દ્વારા એ શિખ આપવામાં આવી છે કે કાગડાનો વિશ્વાસ કરાય પણ બગલા જેવા ખોટા માણસો નો વિશ્વાસ ના કરાય.

"હિરછાંય" છાયા શાહ

---------------------------------------------------

વિભાગ= સુભાષિત.સ્પર્ધા નં ૫
સુભાષિત
મન મેલાં તન ઊજળાં,
બગલા કપટી અંગ;
તેથી તો કાગા ભલા
તનમન એક જ રંગ.

ઉપરોક્ત સુભાષિત માનવીની નિયતને ધ્યાનમાં રાખીને કહેવામાં આવી છે. ઉપરોક્ત સુભાષિતમાં બગલાને કાગડાના ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યું છે કે બનાવટી કે દેખાવની માણસાઈ બતાવી અને ખોટો ઢોંગ કરીને સારા દેખાવાનો પ્રયત્ન કરવા કરતા જેવા છે તેવા જ વર્તાવું વધું સારું. બગલો દેખાવે ઉજળો હોય છે પરંતુ તેનો ચારો માછલી છે, પોતે એક સંતની માફક તળાવમાં વચ્ચે એક પગે ઊભી અને માછલીઓ ફસાવે છે. જ્યારે કાગડો તન અને મન બધેથી કાળોજ હોય. આજકાલના માણસોનું પણ એવું જ છે, દેખાય અલગ અને નિયત અલગ. ઉદાહરણ જોઈએ તો આપણા મોટાભાગના રાજનેતાઓ મસ્ત ખાદીના સફેદ કુર્તા અને ગાંધી ટોપી પહેરીને એવાતો ભાષણ કરતા હોય છે કે, જાણે તમામ સારા ગુણોનો ઠેકો માત્ર ને માત્ર આ ભાઈએ જ લિધેલો છે. ભાષણોમાં જનકલ્યાણની એવી તો વાતો કરે કે આપને લાગે કે આ ભાઈતો પોતાનું ઘરબાર વેંચીને પણ લોકોના દુઃખ દુર કરશે.જ્યારે લોકો એના પર સંપુર્ણ વિશ્વાસ મુકિદે અને ચૂંટીલે પછી એને ખબર પડે કે સૌથી મોટો ચોરતો આજ હતો. આમ, બધા માણસ હંમેશા જેવા દેખાય તેવા હોતા નથી અને જેવા દેખાય તેવા હોતા નથી.

ભરત રબારી (માંગરોળ, જી. જુનાગઢ)

---------------------------------------------------

"ગદ્ય " સુભાષિત..
મન મેલાં તન ઊજળા,
બગલા કપટી અંગ
એથી તો કાગા ભલા
તનમન એકજ રંગ.

અર્થ....આપણે આજે જોઈએ છીએ કે ઘણા માણસનું અંદરનું રૂપ કઈક જુદું હોય છે ને બહારનું રૂપ જુદું હોય છે. તનથી સુંદર દેખાતો માણસ મનથી ઘણીવાર મેલો હોય છે. તનથી રૂપાળું દેખાઈ ને પોતાને મહાન બનાવી ને ફરતા માણસની માનસિકતા ઘણીવાર જાણીએ તો આપણને થાય કે બગલાં જેવો છે આ માણસ બહારથી હંસ જેવો રૂપાળો પણ એના કામ કપટી.... શરીરથી રૂપાળા ને મનથી મેલા માણસો બહુજ ખતરનાક હોય છે.એના ઉપર વિશ્વાસ મૂકીને આપણે ઘણીવાર પસ્તાવાનો વારો આવે છે...કારણ કે આપણે એના બહારની સુંદરતામાં અંજાઈને એના મનમાં રહેલા મેલને ઓળખી શકતા નથી... આવા બહુરૂપિયા માણસ કરતા તો કાગડા જેવા બહારથી ને અંદરથી સરખા દેખાતા માણસ સારા કે આપણે ચેતીને એમની સાથે વ્યવહાર કરી શકીએ, આપણે કાગડા જેવા માણસોને ઓળખી તો શકીએ ! જ્યારે બહારથી રૂપાળા અને અંદરથી મેલાને ઓળખવા ખૂબ અઘરું પડે છે, એવા માણસો સમજમાટે ખતરારૂપ સાબિત થાય છે... એટલેજ તો તનની સુંદરતા જોઈને અંજાઈ જવું નહિ માણસના મનના ભાવ જાણવા કારણ કે એનું મેલું મન આપણને છેતરી જાય છે ,જ્યારે કાગડા જેવા માણસો તો બહારથી દેખાય એવાજ અંદરથી હોય છે... એટલે ઘણીવાર કાગડા જેવા માણસ પેલા બહુરૂપિયા માણસ કરતા સારા લાગે..કારણ એમની પાસે આપણને સારાપણાની કોઈ આશા હોતી નથી...

શીલા...પટેલ. ગાંધીનગર

---------------------------------------------------

સરસ સ્ટોરી છે સાહેબ ખાલી પાંચ મિનિટ લાગશે વાંચતા

એક દિવસ હું મારા એક મિત્ર સાથે Driving license બનાવવા અમદાવાદ RTO ઓફીસ ગયો હતો.
લાઈન માં ઉભા રહીને અમે Driving license નું ફોર્મ ભર્યું. ગણો સમય થઇ ગયો હતો, હવે અમારે Driving license ની ફીઝ જમા કરવાની હતી.
જેવો અમારો નંબર આવ્યો કે તરતજ ઓફિસર સાહેબે બારી બંધ કરી દીધી અને કહ્યું કે ટાઇમ પૂરો થઇ ગયો છે હવે કાલે આવજો.
મેં સાહેબને ખુબ આજીજી કરી, કહ્યું અમે ખુબ દુરથી આવ્યા છીએ, અમે આખો દિવસ આ કામ માં ખરચ્યો છે અને હવે માત્ર ફીઝ ભરવાની બાકી રહી ગઈ છે. મહેરબાની કરને આ ફીઝ જમા કરીલો.
ઓફિસર તો ગુસ્સે થઇ ગયા. બોલ્યાઃ તમે આખો દિવસ ખરચ્યો તો એના માટે શું હું જવાબદાર છું? અરે સરકારને કહો કે વધારે ઓફિસર ની ભરતી કરે. હૂતો સવારથી મારું કામજ કરી રહ્યો છું!!
ખેર, મારો મિત્ર ઉદાસ થઈને બોલ્યો, ચાલ હવે કાલે આવીશું.. મેં એને રોકીને કહ્યું, ઉભોરે ફરી એકવાર કોશિશ કરી જોવું. ઓફિસર સાહેબ પોતાનો થેલો લઈને કેબીન માંથી બહાર ગયા, હું કઈ બોલ્યો નહિ, ચુપચાપ એમની પાછળ ગયો. એ એક કેન્ટીન માં ગયા અને થેલા માંથી પોતાનું લંચ-બોક્ષ કાઢીને ધીમે ધીમે એકલા ખાવા લાગ્યા. હું એમની સામેની બેચ પર જઈને બેઠો. મેં કહ્યું તમારી પાસે તો ખુબ કામ છે, રોજ નવા નવા લોકોને મળવાનું થતું હશે.
એમને કહ્યું હા, હું રોજ મોટા મોટા અધિકારીઓ ને મળું છું, કોઈ આઈ.એ.એસ, કોઈ આઈ.પી.એસ, વિધાયક નેતા બધા અહી આવે છે. મારી ખુરસી ની સામે મોટા મોટા લોકો રાહ જુવે છે.
પછી મેં એમને પૂછ્યું તમારી પ્લેટ માંથી એક રોટલી હું પણ ખાઈ લઉં?
એમને 'હા' કહ્યું, હું પ્લેટ માંથી એક રોટલી ઉઠાવીને શાક જોડે ખાવા લાગ્યો. મેં ખાવાના વખાણ કરતા કહ્યું તમારી પત્ની ખુબ સ્વાદીસ્ટ જમવાનું બનાવે છે.
મેં એમને કહ્યું, સાહેબ તમે ખુબ મહત્વપૂર્ણ સીટ પર બેઠા છો, મોટા-મોટા લોકો તમારી પાસે આ તમે ખુબ ભાગ્યશાળી છો કે તમને આટલી મહત્વની જવાબદારી મળી છે, પણ તમે તમારા કામની ઈજ્જત નથી કરતા.
એમને મને પૂછ્યુંઃ એવું તમે કેવી રીતે કહી શકો?
મેં કહ્યુંઃ જો તમે તમારા પદની ઈજ્જત કરતા હોત તો તમે આવા રુસ્ટ અને ક્રોધી સ્વભાવ વાળા ન હોત.
જુવો તમારો કોઈ મિત્ર પણ નથી, તમે રોજ કન્ટીન માં એકલા જમો છો. તમારી ખુરસી પર પણ ઉદાસ થઇને બેસો છો. લોકોનું થતું કામ પૂરું કરવાની જગ્યાએ અટકાવાની કોશિશ કરો છો.
બહાર ગામથી આવી સવાર થી હેરાન થતા લોકોની વિનંતી ઉપર કહો છો કે સરકાર ને કહો કે બીજા ઓફિસરો ની ભરતી કરે?
અરે બીજા ઓફિસરો વધવાથી તમારુજ મહત્વ ઘટશે, અને કદાચ તમારી પાસેથી આ કામ પણ છીનવાઈ જાય.
ભગવાને તમને તક આપી છે સબંધો બનાવવાની. પણ તમારું દુર્ભાગ્ય જોવો, તમે એનો લાભ લેવાની જગ્યાએ સબંધો બગાડી રહ્યા છો.
અમારું શું છે? કાલે આવી જઈશું કે પરમ દિવસે આવી જઈશું, પણ તમારી પાસે તો મોકો હતો કોઈને રૂણી બનાવવાનો, તમે એ પણ ચુકી ગયા. મેં કહ્યું પૈસા તો ખુબ કમાઈ લેશો પણ સબંધો નહિ કમાઓ તો બધું બેકાર છે.
શું કરશો પૈસાનું? તમારો વ્યહવાર ઠીક નઈ રાખો તો તમારા ઘરવાળા પણ તમારાથી દુઃખી રહેશે. મિત્રો તો પહેલેથીજ નથી... મારી વાત સાંભળીને ઓફિસર સાહેબ રડવા જેવા થઇ ગયા.બોલ્યા કે, તમે વાત સાચી કહી સાહેબ, હું ખુબ એકલો છું. પત્ની જઘડો કરી પિયર જતી રહી છે, છોકરાઓ પણ મને પસંદ નથી કરતા. માં છે પણ એ પણ ખાસ વાત નથી કરતી. સવારે ચાર પાંચ રોટલી બનાવીને આપે છે અને હું એકલો એકલો ખાઈ લઉં છું. રાત્રે ઘરે જવાનું પણ મન નથી થતું. ખબર નથી પડતી કે ગડબડ ક્યાં છે.
હું ધીમેથી બોલ્યો, પોતાની જાતને બીજા જોડે જોડો. કોઈની મદદ થઇ શકતી હોય તો કરો. જુવો હું અહી મારા મિત્ર ના પાસપોર્ટ માટે આવ્યો છું. મારી પાસે તો Driving license છે. મારા મિત્ર માટે મેં તમારી જોડે આજીજી કારી, વિનંતી કરી. નિસ્વાર્થ ભાવે. માટે મારી પાસે મિત્ર છે, તમારી પાસે નથી. તેઓ ઉભા થયા અને મને કહ્યું, તમે મારી કેબીન માં આવો. હું આજેજ ફીઝ જમા કરીશ. અને એમણે કામ કરી દીધું. ત્યાર બાદ એમણે મારો ફોન નંબર માંગ્યો અને મેં નંબર આપી દીધો.
થોડાક વર્ષો વીતી ગયા...
એક દિવાળી ઉપર એક ફોને આવ્યો. પીયુષ કુમાર સોલંકી બોલુ છું સાહેબ. તમે મારી પાસે તમારા કોઈ મિત્ર નો Driving license બનાવવા આવ્યા હતા અને તમે મારી જોડે બેસીને રોટલી પણ ખાધી હતી.
તમે કહ્યું હતું કે પૈસા ની જગ્યાએ સબંધ બનાવો. મને એકદમ યાદ આવી ગયું.
મેં કહ્યું હાજી સોલંકી સાહેબ, કેમ છો? એમને કહ્યું સાહેબ તમે એ દિવસે જતા રહ્યા પછી મેં ખુબ વિચાર્યું. મને લાગ્યું કે પૈસા તો ગણા લોકો આપી જાય છે પણ જોડે બેસીને જમવા વાળું કોઈ નથી મળતું.
સાહેબ, હું બીજાજ દિવસે મારી સાસરીએ ગયો અને ખુબ પ્રાર્થના કરીને પત્ની ને ઘરે લાવ્યો. એ માનાતીજ નહતી, જયારે એ જમવા બેઠી તો મેં એની પ્લેટ માંથી રોટલી લઇને કહ્યું, સાથે જમાડીશ?
એ દંગ રહી ગઈ. રોવા લાગી.
મારી સાથે ચાલી આવી. છોકરાઓ પણ સાથે આવ્યા.
સાહેબ હવે હું પૈસા નથી કમાતો, સબંધ કમાઉ છું.
જે આવે છે એનું કામ કરી આપું છું.સાહેબ આજે તમને હેપ્પી દિવાળી કહેવા માટે ફોન કર્યો છે.
આવતા મહીને મારી દીકરીના લગ્ન છે.
તમારે સહ-પરિવાર આવવાનું છે, દીકરી ને આશીર્વાદ આપવા.
સબંધ જોડ્યો છે તમે...
એ બોલતા રહ્યા,,,
હું સંભાળતો રહ્યો...
વિચાર્યું નહોતું કે સાચ્ચેજ એમના જીવન માં પણ પૈસા ઉપર સબંધો ભારે પડશે..
દોસ્તો
માણસ ભાવનાઓ થી
સંચાલિત થાય છે
કારણો થી નહિ.
કારણોથી તો મશીન ચાલે...
વાંચજો મિત્રો.

# લાંબા સમય લૉકડાઉન બાદ ગાયત્રી ચેતના કેન્દ્ર,મોડાસાના દ્વાર ખૂલ્યા

મોટી ઈસરોલ, તા.૮

સૌના સ્વાસ્થ્યની સુરક્ષા જળવાઈ રહે તે માટે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે લૉકડાઉનના લાંબા સમય ૨૨ માર્ચથી દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવેલ દ્વાર સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિમાં સરકારશ્રીના નિયમોનુસાર આજરોજ સવારે ૭ થી ૧૦ અને સાંજે ૫ થી ૮ દરમિયાન સૌના સામુહિક સ્વાસ્થ્ય સુરક્ષા નિયમોના પાલનની શરતો સાથે આજ દ્વાર દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવ્યા છે.



જેમાં ફેસ માસ્ક પહેરીને જ પ્રવેશ કરવો. સેનેટાઈઝ-સ્વચ્છતા સાથે પ્રવેશ કરવો. મંદિરમાં ક્યાંય પણ સ્પર્શ કરવો નહીં. ફૂલ તથા પ્રસાદ ચઢાવવો નહીં. વારાફરતી પ્રવેશ કરવો અને દર્શન કરી તુરત જ પરત ફરવું. મંત્ર જાપ માટે બેસવું નહી. આરતી માટે મંદિરમાં રોકાવું નહીં. સોશીયલ ડિસ્ટન્સીંગઃ દરેક વ્યક્તિ વચ્ચે ૬ ફુટ અંતર રાખવું. આપના બુટ ચપ્પલ આપના વાહનમાં મૂકીને આવવું. ૧૦ વર્ષથી નીચેના , ૬૫ વર્ષથી ઉપરના અને સગર્ભા બહેનો તથા બિમાર વ્યક્તિઓએ પ્રવેશ કરવો નહીં.

આમ શરતોને પાલન સાથે દર્શનાર્થીઓને પ્રવેશ આપવા સાથે હાથપગ ધોવાની તથા સેનેટાઈઝની વ્યવસ્થા રાખવામાં આવી. આજ મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે લાંબા સમયથી આતુર એવા નિયમોના પાલન સાથે છૂટક છૂટક દર્શનાર્થીઓ આવી વેદમાતા,દેવમાતા વિશ્વમાતા ગાયત્રી માઁના દર્શન કરી આત્મ સંતોષની અનુભૂતિ કરતા દેખાયા.

## પુંસરીની પહેલ : પહેલાં ધોવો હાથ, પછી કરો વાત

# તલોદના પુંસરી ગામે ૧૦ જેટલા મુખ્ય સ્થળોએ હેન્ડ વોશિંગ સ્ટેશન તૈયાર કરાયા

'પહેલા ધોવો હાથ, પછી કરો વાત' સૂત્રને અપનાવીને સાબરકાંઠાના તલોદ તાલુકાના પુંસરી ગામે રાજ્ય અને દેશને નવો સંદેશ આપ્યો છે. પુંસરી ગામ સાબરકાંઠાનું જ નહિ પરંતુ સમગ્ર દેશનુ શ્રેષ્ઠ ગામ છે. કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. ત્યારે કોરોના અંગે સરકારના જાગૃતિ અભિયાનો રંગ લાવી રહ્યા છે. જેના પરીણામ સ્વરૂપ નાના-નાના ગામડાઓમાં પણ સાબુથી હાથ ધોયા પછી દુકાનમાંથી માલ સામાન મળે તેવો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. કૉવિડ -૧૯ની હાલની સ્થિતિમાં 'મારુ ગામ કોરોના મુક્ત ગામ' સંકલ્પ સાથે સમગ્ર રાજય અને દેશને કોરોના મુક્ત કરવાની દિશામાં પ્રયત્નો ચાલી રહ્યા છે ત્યારે કોરોનાનાં સંક્રમણને ફેલાતો અટકાવવા પુંસરી ગામે એક નવી ઉદાહરણીય પહેલ કરી છે. જેમાં



હાલની પરીસ્થિતિમાં કોરોના સંકર્મણને રોકવા માટે માસ્ક અને સાબુથી વારંવાર હાથ ધોવા જેવી બાબતો ખુબ જ મહત્વની અનિવાર્ય બની છે. જેને ધ્યાને રાખી પુંસરી ગામમાં મુખ્ય જગ્યાઓ જેવી કે બેંક, દૂધ મંડળી, સસ્તા અનાજની દુકાન, ગ્રામ પંચાયત ઓફીસ અને મોટી દુકાનો જેવી જાહેર જગ્યાએ હાથ ધોવા કરવા માટે વોશબેશીંગ ફીટ કરવામાં આવ્યા છે. જેથી આ જગ્યાએ આવતા લોકો પહેલા

### દુકાનમાં ખરીદી કરવા આવો, તે પહેલા સાબુથી હાથ ધોવો પછી જ સામાન મળે : ગામના અગ્રણીશ્રી નરેન્દ્રભાઈ પટેલ

સાબુથી હાથ ધોવે પછી જ તેઓને આ જગ્યાઓમાં પ્રવેશ મળે છે.

દેશના સ્માર્ટ વિલેજની યાદીમાં સ્થાન ધરાવતા ગુજરાત રાજયના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામમાં હેન્ડ વોશીંગ સ્ટેશન શરૂ કરી દેવામાં આવ્યા છે. પુંસરી ગામના સરપંચ શ્રી હિમાંશુભાઈ પટેલના જણાવ્યાનુસાર કોરોનાનાં સંક્રમણથી બચવા આપણે આપણી કેટલીક આદતો સુધારવી પડશે. જેમાં વારંવાર હાથ ધોવાની ટેવ આપણને હંમેશા કોરોના મુક્ત રાખશે. શ્રીનરેન્દ્રભાઈ પટેલે વધુમાં કહ્યું કે, પુંસરી ગામમાં જનહિતમાં અમે એક નિયમ કરી લીધો છે કે દુકાનમાં ખરીદી કરવા આવો તે પહેલાં સાબુથી હાથ ધોવા, પછી જ સામાન મળે. તે માટે અમે 'પહેલા ધોવો હાથ, પછી કરો વાત' સૂત્ર અપનાવી લીધું છે. એટલું જ નહીં ગામમાં ડેરી, બેંક, આરોગ્ય કેન્દ્ર, સસ્તા અનાજની દુકાન, ગ્રામ પંચાયત અને મોટી-મોટી દુકાનો સહિત ૧૦ જેટલા મુખ્ય મથક ઉપર હેન્ડ વોશિંગ સ્ટેશન બનાવી દેવાયા છે કે જ્યાં લોકોની અવર-જવર વધુ હોય છે. આગામી દિવસોમાં લોકભાગીદારીથી ગામના વધુ ૨૦ ફળિયામાં આવા હેન્ડ વોશિંગ સ્ટેશન ઉભા કરવામાં આવનાર છે. કોરોના સામે જાગૃત થવા માટેનું આ પ્રાથમિક અને મક્કમ કદમ છે. પુંસરી ગામે આવેલી પાણીની પરબ પર પણ હાથ ધોવા માટે અલગ વોશબેશીંગ અને સાબુ રાખવામાં આવ્યો છે. જેથી કોઇ વ્યક્તિ પાણી પીવા અહિં આવે તે પહેલા પોતાના હાથ સ્વચ્છ કરે પછી જ પાણી પીવે.

કોરોનાની પરીસ્થિતિને ધ્યાને લેતા આ કદમ મહત્વનુ સાબિત થાય તેમ છે હાલમાં પુંસરી ગામની દરેક જાહેર જગ્યાઓ જેવી કે દૂધ મંડળી, બેંક, સસ્તા અનાજની દુકાન વગેરે જગ્યાઓએ ફરજીયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન કરવા જેવી બાબતો પર ભાર મુકાય છે. જેથી આ ગામને કોરોના મુક્ત ગામ બનાવવા પ્રયત્નો થઈ રહ્યા છે જેમાં ગ્રામજનો દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવે છે.

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

# ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટનાં “ઉર્મિ”, ઉભરાયા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકો પર..!!

ગાંધીનગરઃ

ગાંધીનગરના જરૂરિયાતમંદ પરિવારો, બાળકો તેમજ મૂંગા પ્રાણીઓ માટે કાર્યરત સેવાભાવી યુવાનોની સંસ્થા ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ ઘ્વારા પાટનગરના સેક્ટર ૧૯ ખાતે આવેલા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકો માટે કરિયાણાની સાત કીટ નું દાન કરવામાં આવ્યું હતું. આ કિટ દ્વારા પૂરું પાડવામાં આવેલું કરિયાણું બાળકોની બે માસની જરૂરિયાત પૂરી કરશે. ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના અનાથ તેમજ જરૂરિયાતમંદ વર્ગના બાળકો માટે જે કરિયાણાનિ કીટ પૂરી પાડવામાં આવી હતી તે કીટમાં કુલ મળીને ૩૫ કિલો ચોખા, ૩૫ કિલો ઘઉં લોટ , ૭ કિલો કઠોળ , ૭ કિલો દાળ , ગોળ, ૫ લીટર તેલ ,૭



કિલો ખાંડ, ગરમ મસાલા , ઘણા, જીરું, મરચું, હળદળ વગેરે દરેક મસાલા પૂરતા પ્રમાણમાં આપ્યા હતા જેથી આગામી ૨ મહિના સુધી બાળકોને રાહત મળશે. આ સાથે સંસ્થાના સેવાભાવી સભ્યોએ બાળકો સાથે મનોરંજક સમય વિતાવ્યો હતો અને બાળકોના ચહેરા પર સ્મિત રેલાવ્યું હતું. આ પ્રસંગે ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી સુશ્રી વિવેકા પટેલ (ગુજરાતી ફિલ્મની યુવા હિરોઈન) અને ટ્રસ્ટી શ્રી રાજન ત્રિવેદી (શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગાંધીનગર જિલ્લા યુવા મંત્રી-રાજયકક્ષા) હાજર રહ્યા હતા. આ ઉપરાંત ટ્રસ્ટના સ્વયંસેવક રાજન રાઠોડ (રાજન રાઠોડ ફિલ્મસ) અને શુભેચ્છક કેવલ પી. ત્રિવેદી (ચેમ્પસ એકેડેમી) પણ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા આ પ્રસંગે અન્ય ગરીબ જરૂરિયાત પરિવારોને પણ કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તમારો વિશ્વાસુ રાજન ત્રિવેદી.

## સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી

# મોડાસા ટાઉન પોલીસ અને ભિલોડા પોલીસની આંખ નીચે ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલો મોટા પ્રમાણમાં ધમધમી રહ્યો છે જીલ્લા પોલીસતંત્ર બુટલેગરો સામે કાર્યવાહી કરવામાં પનો ટૂંકો પડી રહ્યો હોય તેમ જીલ્લામાં સમયાંતરે સ્ટેટ મોનીટરીંગ સેલ રેડ કરી વિદેશી દારૂ ઝડપી પાડી રહી છે સ્ટેટ મોનીટરીંગ સેલે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં ધમધમતા દેશી-વિદેશી દારૂના અડ્ડા પર રેડ કરી રૂ.૬૨૮૦/- નો દારૂ જપ્ત કરી મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી મહિલાનો પતિ ફરાર થઇ ગયો હતો જયારે ભિલોડાના મદારીવાસ (ગોવિંદ નગર) વિસ્તારમાં વિધવા મહિલા બુટલેગરના ઘરેથી ૧૯ હજાર થી વધુનો વિદેશી દારૂ મહિલાની ધરપકડ કરી મહિલાને વિદેશી દારૂ પહોંચાડતા રાજસ્થાન ઝાંઝરીના વસંત નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગણેશપુરા (હજીરા), સર્વોદયનાગર (ડુંગરી), વિનાયક ટાંકી નજીક, કસ્બામાં દેશી-વિદેશી દારૂ અને ગાંજો-ચરસનું ધૂમ વેચાણ થતું હોવાની અને વિદેશી દારૂની હોમડિલિવરી થતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગણેશપુરા (હજીરા) વિસ્તારમાં ઘરમાં જ ધમધમતા દેશી-વિદેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ ત્રાટકી દેશી-વિદેશી દારૂ અને વોશ મળી કુલ રૂ.૬૨૮૦/- નો જથ્થો જપ્ત કરી સપના નરેશ પરમાર નામની મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી મહિલાનો બુટલેગર પતિ નરેશ બાલુભાઈ પરમાર રફુચક્કર થઇ જતા સ્ટેટ મોનીટરીંગ સેલે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી આગળની તપાસ ટાઉન પોલીસને સુપ્રત કરતા ટાઉન પોલીસે નરેશ નામના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

સ્ટેટ મોનીટરીંગ સેલે ભિલોડાના મદારીવાસ (ગોવિંદનગર) વિસ્તારમાં એક વિધવા મહિલા વિદેશી દારૂનો વેપલો કરતી હોવાની બાતમી મળતા ભિલોડા પોલીસને ઉંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે ત્રાટકી શોભનાબેન રામચરણ ખારવાના ખંડેર જેવા મકાનમાં સંતાડી રાખેલો વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૧૦૨ કીં.રૂ.૧૯૭૬૮/- તથા રોકડ રકમ-૧૧૧૦૦ અને મોબાઈલ નંગ-૧ કીં .રૂ.૫૦૦ મળી કુલ રૂ.૩૧૩૬૮/- નો જથ્થો જપ્ત કરી મહિલા બુટલેગરને ઝડપી પાડી મહિલાને વિદેશી દારૂનો જથ્થો પૂરો પાડતા રાજસ્થાનના ઝાંઝરીના વસંત નામના બુટલેગર સામે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે વ્યક્તિની ધરપકડ કરતી રાજકોટ રૂરલ પોલીસ



મિલન મહેતા

રાજકોટના ભાગોળે આવેલ શાપર વેરાવળમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડતી શાપર વેરાવળ પોલીસ બનાવની વિગત મુજબ શાપર વેરાવળ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના આધારે મીના કાસ્ટિંગ પાસે શંકાના આધારે ડબલ સવારી એક્સેસ મોટરસાયકલને રોકી તલાશી લેતા ઈંગ્લીશ દારૂની ૩૧ બોટલ મળી આવતા બંને શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી

પોલીસ તપાસમાં જાણવા મુજબ બન્ને શખ્સો રાજકોટના રહેવાસી નીકળ્યા હતા

( ૧ ) સૌરભ ભીખુભાઈ ચંદારાણા મેહુલ નગર નીલકંઠ ટોકીઝ પાછળ( ૨ ) સંદીપ મહેન્દ્ર ભાઈ પરમાર સોમનાથ સોસાયટી આ બન્ને શખ્સોના કબજામાંથી ઈંગ્લિશ દારૂ કિંમત(૧૦૮૫૦) મોટર સાયકલ કિંમત(૨૫૦૦૦) કુલ મળીને(૩૫૮૦૫)ના મુદ્દામાલ સાથે અટક કરવામાં આવ્યા હતા આ કામગીરી શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પીએસઆઇ કુલદીપ સિંહ ગોહિલ હેડ કોન્સ્ટેબલ રોહિતભાઈ પોલીસ કોન્સ્ટેબલ માવજીભાઈ ડાંગર તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી

# માણાવદરના નવ નિયુક્ત પીએસઆઇ રાજકારણીઓનો ભોગ ન બને તે માટે કિરાણા એસોસીએશને આવેદનપત્ર પાઠવ્યું

માણાવદરના નવ નિયુક્ત પીએસઆઇ પી.વી.ધોકડીયા રાજકારણીઓનો ભોગ ન બને તે માટે માણાવદર કિરાણા એસોસીએશને એક આવેદનપત્ર જિલ્લા પોલીસ વડા તેમજ જૂનાગઢ રેન્જ આઇજીપી અને ડી.વાય. એસ.પી કેશોદ ને પાઠવ્યું હતુ આ આવેદનપત્ર માં જણાવ્યું હતુ કે માણાવદર પોલીસ અધિકારી પી.વી.ધોકડીયા એ શહેરની પ્રજાની નાડ પારખી તેમની સાથે મિત્રતા ભર્યા સંબંધો કેળવી લોકો તથા વેપારીઓના દિલમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. અને પોલીસ પ્રજાની મિત્ર છે તેવું સાબિત કરી દીધું છે.એક સમયે સરા જાહેરમાં વેચાતા દારૂ ના હાઑડાઓને બંધ કરાવી દીધા છે. ટ્રાફીક સમસ્યાનો પ્રશ્ન સમજણથી હલ કરાવ્યો છે સાંકડા રસ્તાઓ પહોળા થવા લાગ્યા છે.વેપારીઓ સ્વયમ અધિકારી ની માન મર્યાદા રાખી ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેવા પ્રયાસો કરી રહ્યા છે આવું પ્રથમ વખત બન્યું છે. આવારા તત્વો કે જે પહેલા છડેચોક ફરતાં હતા તે અત્યારે ભુગર્ભમાં ઉતરી ગયા છે નવા અધિકારી ને પત્રકારોએ અને બૌદ્ધિક લોકોએ પણ વખાણી છે

માણાવદરની શાંતપ્રિય જનતા કદી પણ મજબુરી અને મુંઝવણમાં મુરઝાઇ નથી તે હંમેશાં ભવિષ્ય ના વિચાર ઉપર ખીલી છે. અને આવા અધિકારીઓની હુંફ

માર્ગદર્શન તલે હંમેશા જીવનની નવિ દિશા ખોલી છે અને પતઝડમાં ઉપવનના શણગાર સજયા છે.નવા અધિકારી ને બિરદાવતો એક પત્ર માણાવદર ના પૂર્વ પત્રકાર અને અખબારોના કટાર લેખકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ને લખી આ અધિકારી રાજકારણીઓનો ભોગ ન બને અને માણાવદર ના વિકાસ માં નિમિત બની રહે તે માટે અહી રાખવા માટે જણાવ્યું છે. નગરજનો એ અને વેપારીઓએ ધીર ગંભીર અને કાયદામાં કડક અને બાહોશ એવા આ અધિકારી પર શબ્દ પુષ્પોની વર્ષા વરસાવી છે. પ્રજા હંમેશા પોલીસ ને ખરાબ નજરે જ જોતી હોય છે પણ આજે એ નજર માં બદલાવ આવ્યો છે અને લોકો પોલીસ ને પોતાના ખરા રક્ષક તરીકે જોવા લાગી છે.અને તેમને બિરદાવી રહી છે આ એક નવી ધટના જ ગણાય

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

મો ૯૯૨૫૧ ૭૪૧૭૬




**કેશોદ : (રાજુભાઈ પંડ્યા)**

**૫ જૂન વિશ્વ પર્યાવરણ દિને કેશોદ પોલીસ સ્ટેશનમાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન સ્ટાફે વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી .તા-૫ જૂન ના દિવસે વિશ્વ પર્યાવરણ દિને કેશોદ પોલીસ સ્ટેશનમાં કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈન ના કાઉન્સેલર સંતોકબેન માવદીયા કોન્સ્ટેબલ મીનાક્ષીબેન સોંદરવા તથા પાયલોટ પ્રદિપભાઈ જાદવ સહિત ના સ્ટાફે પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરી પર્યાવરણ એજ જીવન તેવો સંદેશ પાઠવ્યો હતો.**

# કેશોદના સહકારી આગેવાન પુંજાભાઈ બોદર જેડીસીસી બેંકમાં ડાયરેક્ટર તરીકે વિજેતા

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

જુનાગઢ જિલ્લા સહકારી બેંક ની યોજાયેલી ચૂંટણીમાં કેશોદ બેઠક માટે ભાજપ નાં પુંજાભાઈ બોદર અને કોંગ્રેસ નાં બાબુભાઈ વેગડ ઉમેદવારી નોંધાવી હતી. જુનાગઢ જિલ્લા સહકારી બેંક ની કેશોદ બેઠક માં કુલ ૪૯ મતદારો એ મતદાન કર્યું હતું જેમાં મતગણતરી હાથ ધરવામાં આવતાં પુંજાભાઈ બોદર ને ૨૭ મત અને બાબુભાઈ વેગડ ને ૨૨ મત મળતાં પુંજાભાઈ બોદર વિજેતા જાહેર કરાયા હતા. કેશોદ માર્કેટિંગ યાર્ડમાં ચેરમેન પદે સેવા આપી રહ્યા છે અને કેશોદ તાલુકામાં સહકારી ક્ષેત્રમાં જબ્બર લોકચાહના ધરાવતાં પુંજાભાઈ બોદર ને જુનાગઢ જિલ્લા સહકારી બેંક માં ડાયરેક્ટર તરીકે વિજેતા થયા બાદ ટેકેદારો અને શુભેચ્છકો માં ખુશી વ્યાપી ગઈ હતી. કેશોદના સહકારી આગેવાનો દેશાભાઈ હેરભા, પરબતભાઇ પીઠીયા, કેશોદ મોબાઈલ એશોશીએશન પ્રમુખ રાજુભાઈ બોદર સહિતના આગેવાનો એ હારતોરા કરીને અભિનંદન આપ્યા હતાં.



## કેશોદમાં ધાર્મિક સ્થળો ખુલ્લી જતાં ભક્તોમાં અનેરો આનંદ ઉત્સાહ નજરે પડ્યો

# કેશોદ વાસીઓ એ પોતાના આરાધ્ય ઈષ્ટ દેવ નાં મન ભરીને દર્શન કરી ભાવવિભોર બન્યા

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે લાગું કરવામાં આવેલ ગાઈડ લાઈન માં લાંબા સમયથી બંધ હાલતમાં રહેલાં ધાર્મિક સ્થળો વિવિધ સુચનાઓ સાથે ખુલ્લાં રાખવાં મંજુરી આપી છે ત્યારે કેશોદ શહેરમાં આજે સવારથી જ ભાવિકો ભક્તો પોતાનાં આરાધ્ય દેવ ઈષ્ટ દેવ નાં દર્શન કરવા પહોંચી ગયાં હતાં. કેશોદ શહેરમાં આવેલાં પ્રસિદ્ધ શિવાલયો શ્રી નિલકંઠ મહાદેવ મંદિર, શ્રી કુંતનાથ મહાદેવ મંદિર, શ્રી રણછોડરાય મંદિર, અને ઠાકોરજી ની હવેલી ખાતે ભક્તો સવારે ઉઠીને નિત્ય કર્મોમાંથી મુક્ત થઇ સીધાં દર્શન નો લાભ લેવા પહોંચી ગયા હતાં. કેશોદ શહેરમાં સંખ્યાબંધ વેપારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ભક્તો નો કાયમી ધોરણે મનોમન નક્કી કરેલ નિયમ છે કે સવારે દેવ દર્શન કરીને જ કામધંધા માટે નીકળવું આવાં ભાવિકો ભક્તો નિયમિત મંદિર ના દ્વાર પર જઈને મનોમન દર્શન કરી લેતાં હતાં ત્યારે આજરોજ નીજદર્શન નો લાભ મળતાં ભાવવિભોર બની ગયા હતાં. કેશોદ શહેરમાં કોવીડ-૧૯ ની મહામારી માં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન નું ચુસ્તપણે સ્વયંભૂ પાલન કરતાં ભક્તો નજરે પડ્યાં હતાં. સિત્તેરેક દિવસ નાં લાંબા સમય બાદ ઈશ્વર અને ભક્તો નું મિલન થતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ધાર્મિક સ્થળો પર દર્શન નો લ્હાવો લઈને ભાવિકો ભક્તો માં એક અલૌકિક શક્તિ નો સંચાર થયો હોય એવું લાગતું હતું અને અમુક ભક્તો ઈશ્વર સાથે તલ્લીન થઈ જતાં આંખોમાં થી દડ દડ આંસુ પડવા લાગ્યા હતાં ત્યારે કહી શકાય કે ભારત દેશના નાગરિકો ધર્મના તાંતણે બંધાયેલા છે અને અનેકતામાં એક્તા છુપાયેલી છે.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.